સત્યં વદ

॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

ધર્મં ચર

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર

## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ ૩૯ સંવત ૨૦૭૪ કારતક, નવેમ્બર – ૨૦૧૭ અંક – ૧૧



તા. ૨૧-૧૦-૧૭ ના શુભ દિવસે પીપરીયા ગામમાં શ્રી બાબુભાઈ લાલજીભાઈ બોઘરા પરિવાર તરફથી નિર્માણ થયેલ ગામના પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી

**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય





સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષઃ ૩૯ / નવેમ્બર-૨૦૧૭/ અંક-૧૧


## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્ <br> કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | વેદાંતની દૃષ્ટિએ હનુમાન <br> પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદસાગરજી |
| ૯ | શરણાગતિ <br> ભગવાનદાસ - વલભીપુર |
| ૧૨ | ભીમનો ગરબો <br> રમીલાબેન ગોરધનભાઈ ગાબાણી |
| ૧૩ | માણસાઈની પગદંડી <br> લવજીભાઈ કે. સવાણી |
| ૧૪ | સત્વંસંશુદ્ધિ <br> લતાબેન અરવિંદભાઈ માંગુકિયા |
| ૧૫ | સત્સંગ <br> જ્યોત્સનાબેન સુરેશભાઈ પરમાર |
| ૧૭ | દિવ્ય જીવનની ચાવી <br> લેખક : શિવ |
| ૧૮ | સત્સંગ સુધા |
| ૧૯ | ભજન <br> વીરૂબેન ગોરધનભાઈ કોશિયા |
| ૨૦ | મનુષ્ય જીવનમાં ધર્માધર્મ વિવેક |
| ૨૧ | સત્સંગ સમાચાર <br> સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર <br> સંકલિત |


॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥

ૐ

## વેદ રહસ્ય ગ્રાહક સભ્યોને ખાસ સૂચના

(૧) સરનામામાં ફેરફાર કરવા માટે ગ્રાહક નંબર અને ક્રમ નંબર ખાસ લખવો. સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં જૂનું-નવું બંને સરનામાં લખવા તથા મોબાઈલ નંબર લખવો.

(૨) લેખ સંપૂર્ણ આધ્યાત્મને અનુરૂપ હોવા જોઈએ. લેખ એક જ સાઈડમાં આગળ હાંસિયાની જગ્યા છોડીને જ સારા અક્ષરે લખી મોકલાવો. પાછળની સાઈડમાં લખવું નહિ. લેખો આધ્યાત્મને અનુરૂપ નહિ હોય અથવા કોઈપણ પુસ્તકના ઉતારા હશે અને તે લેખો પ્રગટ કરવા જેવા નહિ લાગે તો તંત્રીશ્રી તે લેખો કેન્સલ કરી શકશે અને કેન્સલ કરેલા લેખો લેખકને પરત મોકલવામાં આવશે નહિ.

(૩) જે ગ્રાહક સભ્ય સ્વર્ગવાસ થયા હોય તેનું લવાજમ પુરૂં થયું ગણાય છે. માટે તેના કુટુંબીજનોએ વેદરહસ્ય કાર્યાલયમાં જાણ કરી નવા સભ્ય બની જવું ખાસ પૂજ્ય ગુરુજીની આજ્ઞા છે.

(૪) વાર્ષિક લવાજમ જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીનું જ ગણાય છે.


**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક,
વરાછા, સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય


વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૮ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


**લવાજમ, લેખો તેમજ સરનામા ફેરફાર માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



(ગતાંકથી ચાલુ)

**સદ્‌ગુરુ શરણ વિના અજ્ઞાન તિમિર ટળશે નહિ રે,**
**જન્મ મરણ દેનારું બીજ, ખરું બળશે નહિ રે,**
**સદ્‌ગુરુ શરણ...** (મહાત્મા કેશવજી)

ધ્યાનથી થોડું સાંભળો તમને કહેને કે ભગવાનને છોડીને આ વિષયમાં આ હાડકા ચામડાના શરીરમાં શું કામ આવ્યા ? તો શું ઉત્તર દેશો ? બોલો ? પેલા આત્મા શેમાં હતો ? સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્મામાં પૂર્ણમાં હતો. સત્યમ્ શિવમ્ સુંદરમ્ (હતો) તો એવું છોડીને આ મોળામાં કેમ આવ્યો ? તો શું ઉત્તર આપો ? બોલો ? કોઈ નાના છોકરા ગારામાં શું કામ જાય ? અજ્ઞાનથી તો અહીં જીવ શું (કામ) આવ્યો? બોલો ? કે એને ભાન નો રહ્યું કે પરમાત્મામાં સુખ છે કે આ શરીરમાં સુખ છે. જીવે શું કર્યુ ? બોલો ? કે આ શરીરની ઈચ્છા કરી પછી 'द्वितीयं एच्छत्' એટલે પત્નીની કામના કરી પછી પુત્રની કામના કરી પણ ભગવાનની કામના ન કરી. એનું નામ જ અજ્ઞાન. સત્યને છોડીને અસત્યની ઈચ્છા કરે, ચેતનને છોડીને જડની ઈચ્છા કરે, સુખને છોડીને દુઃખની ઈચ્છા કરે. અજ્ઞાનીને બીજા કાંઈ શીંગડા પૂછડા હોતા નથી. જે પોતાનું છોડીને પારકામાં ભટકે પૂર્ણને છોડીને અધૂરામાં જે ભટકે એનું નામ જ અજ્ઞાનતા. એ અજ્ઞાનતા ગુરુકૃપા થાય ત્યારે જ સમજાય કે આ વિષય સત્ય નથી પણ એ તો અસત્ય છે. વિષય પૂર્ણ નથી પણ અપૂર્ણ છે. વિષય પોતાના નથી પારકા છે. એમાં તું શું કામ ભટકે છો ? એમ જયારે સદ્‌ગુરુ કહે અને બ્રહ્માનંદની અનૂભુતિ કરાવે કે તારો આત્મા જ આનંદ આનંદનો ભંડાર છે.

इयमात्मा परानंदः परंप्रेमास्पदं यतः ।
मानभूवं हि भूयासमिति प्रेमात्मनीक्ष्यते ।। (પંચદશી)

પંશદશીમાં કહ્યું કે આ તમારા બધાનો આત્મા પરમ આનંદ સ્વરૂપ છે. તો બોલો, પોતાનો આનંદ પૂર્ણ આનંદ છોડીને બહાર વિષયોમાં ભટકવું એ જ્ઞાન કે અજ્ઞાન ? બોલો ? અને પૂર્ણ સચ્ચિદાનંદ ભગવાનમાં રહેવાની બદલે હાડકા ચામડાના મળ-મૂત્રમાં રહેવું એ જ્ઞાન કે અજ્ઞાન ? એ અજ્ઞાન વડે જ જીવ જગતમાં ભટકી રહ્યો છે એ ભટકવાનું મટાડવા માટે કહ્યું 'शास्त्र पुराण सदा संभारे' કે શાસ્ત્ર પુરાણ સંભારવો અને પોતાના સ્વરૂપને યાદ કરો કે તમે કયાંથી આવ્યા છો ને કયાં જવાનું છે ?

**કહાં સે આયા કહાં જાયેગા, ખોજ કરો અપને ઘરકી,**
**સદ્‌ગુરુ મીલે તો સાન બતાવે, ખોલ દેવે અંતર ખડકી.**
(મહાત્મા શ્રી કબીર)

**ચેત ચેત ચંચલ મન મેરા, અચેત ગાફલ કયાં રહેતા,**
**સો ફેરા સમજાવું સાનમાં, કઠોર કાફર કયોં ફિરતા.**
(લાવણી ગણપતગર)

તો બોલો, મનને સમજાવો કે, તમે અચેત છો કે ચેતન છો, બોલો ? તો સમજુ હો તો પછી સત્યમાં રહોને અસત્યમાં ભટકવાની કયાં જરૂર છે. જો વિષયમાં ભટકશે તો બ્રહ્મ છે છતાં નહિ મળે. શું નહિ થાય ? બોલો ? ... બ્રહ્મ મળવા અઘરા નથી બ્રહ્મ આઘા

નથી મોંઘા નથી પારકા નથી. પણ વિષયમાં ઈન્દ્રિયો ને મન ભટકે છે એટલે પરમાત્મામાં રહી શકાતું નથી એટલા માટે જો પરમાત્માની અનુભૂતિ લેવી હોય પ્રભુનો લાભ સાચો લેવો હોય અને દુઃખમાંથી છૂટવું હોય તો ધીર બનીને ઈન્દ્રિયોને વિષયોમાંથી પાછી વાળીને પરમાત્મામાં લગાવો.

आपदां कथितः पंथा इन्द्रियाणांम संयमः ।
तज्जयः संपदांमार्गो येनेष्टं तेन गम्यताम् ॥
(સુભાષિતરત્ન.પૃ.૧૬૫ શ્લોક૪/૫)

લક્ષ્મણજીએ રામને પૂછ્યું કે સુખનો માર્ગ કયો ને દુઃખનો માર્ગ કયો ? તો ભગવાન રામે કહ્યું ઈન્દ્રિયોનો સંયમ એ સુખનો માર્ગ છે અને ઈન્દ્રિયોનો અસંયમ એ દુઃખનો માર્ગ છે. આ દુનીયામાં જેટલા દુઃખી છે ને એને ઈન્દ્રિઓનો અસંયમ છે. અને સુખી છે એને શું છે ? બોલો ? ... ઈન્દ્રિયોનો સંયમ છે. ઘણાં કમાતા હોય પણ દારૂ પીયને ઊડાડી નાખે એટલે પૈસા રહેતા નથી ઘણાંને અંદર ભગવાન છે પણ વિષયમાં મન ભટકાવે છે (એટલે) પ્રભુનો આનંદ લઈ શકતા નથી. તો એ અજ્ઞાનતાને લઈ એ વાસનાને લઈ ઈન્દ્રિયોને વિષયમાં વિકારોમાં ભળીને પોતે સુખી થવાને બદલે હું દુઃખી છું મારે સુખ લેવા બહાર ભટકવું છે એમ માનીને સુખ માટે સુખને બદલે દુઃખમાં ભટકે છે. સુખ છે પોતાનામાં અને બહાર બધું દુઃખ દુઃખ ને દુઃખ છે.

जन्म दुःखं जरा दुःखं जाया दुःखं पुनः पुनः ।
अंत काले महादुःख तस्मात्जाग्रहि जाग्रहि ॥

रोगा हरन्ति सततं प्रबलाः शरीरं ।
कामादयोऽप्यनुदिनं प्रदहन्तिचितम् ॥
मृत्युस्व नृत्यति सदा कलयन्दि नानि ।
तस्मात त्वमेद्य शरणं ममदिन बन्धो ॥
(भगवच्छरणस्तोत्रम्-२)

શરીરમાં બધા રોગો ભર્યા છે મનમાં કામ, ક્રોધ, લોભ સતાવી રહ્યા છે. કાળ માથે કોપી રહ્યો છે તો બોલો, (એ) સુખ છે ? ... કોઈ બકરાને ખવરાવીને ઉપર તલવાર લટકતી હોય તો બોલો, બકરું સુખી કહેવાય ? ભલે ખાતું હોય. ખાતું છે પણ ઉપર તો તલવાર એને કતલખાને માથે લટકી રહી છે એમ આ જીવને-

**જીવ ઉપર જમડા ફરે જેમ તેતર ઉપર બાજ,**
**ઓ મન પંખીડા મત પડે રે પાંજરે,**
**સંસાર માયા જાળ છે.** (નામદેવ)

તો ધ્યાનથી યાદ રાખો કે પ્રત્યેક પ્રાણીને જગતના સુખો તરફ ભટકણ છે એટલે બ્રહ્માનંદમાં રહી શકતા નથી. એટલા માટે ઉપનિષદ કહે છે કે બ્રહ્માજીએ ઈન્દ્રિયોને બહિર્મુખી બનાવી છે. જો છે એમનામ રહેવા દેશો તો (તો) બહાર જ જશો કોઈ દિ' અંદર જઈ શકવાના નથી ઘણાં એમ કહે કે ભાગ્યમાં હશે એ થશે. શું કહે ? બોલો ? ... તો ભગવાન તમારા છે કે પારકા છે ? બોલો ? પણ તોય કેમ એ બાજુ જતા નથી. તમને ભાગ્ય તો છે પણ ભાગ્યથી ઈન્દ્રિયો વિપરીત છે એટલે એને વાળો તો ભાગ્ય ઊભું થાય એટલા માટે ઉપનિષદો કહે એમ કરવું જોઈએ કે ધીર પુરુષ બનીને ઈન્દ્રિયોને વિષયમાંથી પાછી વાળો.

(अविवेकी और विवेकी का अन्तर)

पराचः कामाननुयन्ति बाला-
स्ते मृत्योर्यन्ति विततस्य पाशम् ।
अथ धीरा अमृतत्वं विदित्वा
ध्रुवमध्रुवेष्विह न पार्थयन्ते ॥ २-१-२ ॥
(કઠોપનિષદ્)

આગળ હવે યમરાજા કહે છે કે 'पराचः कामान नुयन्ति बालाः' કે બાળ બુદ્ધિવાળા છે અજ્ઞાની જે જીવો છે એ વિષયોની ભોગની અંદર ભટકે છે. કે પરાપાર વિષયમાં ભટકે છે. કોણ ભટકે ? બોલો ? .... 'बालः' શું કહ્યું ? ... તો તમે કહોને કે મોટા મોટા પંડિતો ભટકે છે ને મોટા મોટા ઝઘડા એ... તો બાળ કોને કહેવાય ? જે બ્રહ્મને નો જાણે એનું નામ બાળ. બધુય શીખ્યા હોય ન્યાય, વિજ્ઞાન, અનેક પ્રકારનો ડૉક્ટર થયેલો હોય ઈજનેર થયેલો હોય, બીજું વિજ્ઞાન બધા આવડતા હોય, પ્લેન ઉડાડતા, ચલાવતા બનાવતા આવડતું હોય પણ કોનું જ્ઞાન નથી બોલો ? બ્રહ્મનું. જ્ઞાન નથી તો એ બાળક છે. અધિત કાવ્ય માને પોષક અનધિત ન્યાય શાસ્ત્રો માને એમ ન્યાય શાસ્ત્રમાં બાળકનું લક્ષણ કર્યુ કે બધુ ભણેલો હોય પણ ન્યાય ન ભણેલો હોય તો ન્યાય શાસ્ત્રમાં એ બાળક છે. તમે ૮૦ વર્ષના હોવ તમને સંસારનું બધુ જ્ઞાન હોય પણ બ્રહ્મજ્ઞાન ન હોય ઉપનિષદનું જ્ઞાન ન હોય તો ન્યાય

શાસ્ત્રમાં એ બાળક છે. તમે ૮૦ વર્ષના હોવ તમને સંસારનું બધુ જ્ઞાન હોય પણ બ્રહ્મજ્ઞાન ન હોય ઉપનિષદનું જ્ઞાન ન હોય તો તમારે અહીં બાળકની જેમ શીખવું પડે. બાળકને જેમ એકડે એકથી શરૂ કરાવેને એમ તમારે અહીં શું કરવું પડે ? એકડે એકથી શરૂ કરવું પડે (એમ). એટલા માટે કહે છે (કે) બાળ બુદ્ધિના જીવો છે. બહાર વિષયમાં ભટકયા કરે છે. અને એને લઈને નુકસાન શું થાય કે 'मृत्योर्यान्ति विततस्य पाशम्।' કે લાંબાં સમય સુધી મૃત્યુના પાશમાં પકડયા કરે છે. શું કર્યા કરે ? બોલો ? એને મરવું જન્મવું કેમ પડે છે ?

**વિષય ભૂતે તે તુજને ભમાવીઓ,**
**તું તો બેઠો નહીં ઠરી ઠામ,**
**અવસર આવો નહીં મળે,** (સ્વામી પ્રીતમદાસજી)

તો તમે ઘણાં એ કહેશે કે વાર વાર આની વાત કેમ આવે છે ? તો બે જ વાત શીખવાની છે. પરમાત્મામાં પ્રેમ કરવો ને વિષયમાંથી મનને છોડવું.

**સંત કૃપાથી છૂટે માયા, કાયા નિર્મળ થાય જોને**
(સ્વામી પ્રીતમદાસજી)

તો સત્સંગ કરીને વિવેક કરીને માયા વાળો ભાગ એટલે ખોટાવાળો ભાગ ન હોય અને દેખાય એનું નામ માયા. જે નથી છતાં દેખાય રહ્યું છે એ માયિક ભાગ છે. એ ભાગને વિવેક કરીને વૈરાગ્ય કરીને છોડવા અને

**સંત સમાગમ જે જન કરશે ત્હેને પ્રકટે પ્રેમ જોને**
(સ્વામી પ્રીતમદાસજી)

કે સંત સમાગમ કરીને પરમાત્મા સત્યમ્ શિવમ્ સુંદરમ્ છે એમ સમજીને પરમાત્મામાં પ્રેમ પ્રગટાવો. બે જ કામ કરવાના છે. શું કરવાના ? બોલો ? ... એટલે વાર વાર કથા એની આવશે વિષયમાંથી છોડવા ને પરમાત્મામાં જોડવા વાર વાર એ તમને સમજાવવામાં આવે છે કે વિષયનો મોહ છોડો ને-

**કર પ્રભુ સંગાથે દ્રઢ પ્રીતડી રે,**
**મરી જાવું મેલીને ધનમાલ...**
**અંતકાલે સગું નહીં કોઈનું રે,** (દેવાનંદ)
**રાખો પૂરી પ્રીતિ ભગવાનમાં,**
**ફૂલો નહીં રે ખોટા અભિમાનમાં... રાખો પૂરી...**
**મમતા કરીને તે માયા બહુ મેળવી,**
**કસરત કરીને તે કાયાને કેળવી,**
**કાયા મળશે ખરે દિને ખાખમાં,**
**રાખો પૂરી પ્રીતિ ભગવાનમાં,**
**ફૂલો નહીં રે ખોટા અભિમાનમાં – રાખો...**
**મેડી અંદર વળી માલ ખજાના,**
**રેડિયો મોટર તે મેળવ્યા મજાનાં,**
**એ તો અંતે નહિ આવે તારા કામમાં,**
**રાખો પૂરી પ્રીતિ ભગવાનમાં,**
**ફૂલો નહીં રે ખોટા અભિમાનમાં – રાખો...**
**પ્યારી નારીને બહુ શણગારી,**
**બંગલામાં બહુ મૂકાવી બારી,**
**બંગલા છોડીને એક દિન સૂવું પડશે સ્મશાનમાં,**
**રાખો પૂરી પ્રીતિ ભગવાનમાં, ફૂલો નહીં...**
**સગા સબંધીમાં ખૂબ સ્નેહ કીધો,**
**આવેલા અવસરને ગુમાવી દીધો,**
**સગા આડા નહીં આવે જમ મારમાં,**
**રાખો પૂરી પ્રીતિ ભગવાનમાં, ફૂલો નહીં...**
**સૂતા ને જાગતા, બેઠા ને ફરતાં,**
**કર્મને કરતાં, જીવતાં ને મરતાં,**
**સઘળે આવશે પ્રભુજી તારા કામમાં,**
**રાખો પૂરી પ્રીતિ ભગવાનમાં, ફૂલો નહીં...**
(સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારજ કૃત)

જેમ કોઈ મેલું હોય એમાં મેલું દેખાય ને ચોખ્ખું હોય એમાં ચોખ્ખું દેખાય. એમ જેવા લોકમાં તમે જોશો ત્યાં તમને એવી રીતે દેખાશે. પણ આત્મા અખંડ છે પૂર્ણ છે શુધ્ધ છે એમ સમજવું. ભલે તમને ઉપાધીથી જુદુ જુદુ દેખાય પણ કોઈ દિ' જુદું જુદું છે એમ માનવું નહિ કેમ કે દેખાય છે ઉપાધીને લઈને તમે સારા ભાગમાં (જગ્યાએ) ગયા હોયને તો એ જ વસ્તુ હોયને તો સારી દેખાય મોળા ભાગમાં એ જ વસ્તુ હોય તો મોળી દેખાય. તમારું મોઢું છે તમે મોળા કાચમાં જોવો તો કેવું દેખાય ? મોળું દેખાય અને સારા કાચમાં જોવો તો સારું દેખાય. પછી એથી મોળા કાચમાં જોઈને 'હું મોળો પડી ગયો' એમ માનીને ભ્રાંતિમાં પડશો નહિ. એટલા માટે આ મૂળ તત્ત્વ બધે એક સરખું રહેલું છે શુધ્ધ છે મુક્ત છે પણ જયાં જેવા સ્થળોમાં જાવ ત્યાં એ રીતે જુદું જુદું દેખાય છે. એટલે 'यथाऽऽदर्शे तथाऽऽत्मनि' જેવો આત્મા દેખાય છે એવો જ આત્માની અંદર...

संसार मृत्यो र्बलिनः प्रविष्टुं
द्वाराणि त्रीणि तु महान्ति लोके
कान्ताश्च जिह्वा कनकेश्च तानी
रूणद्धिय वस्य भयं न मृत्योः।
(સર્વવેદાન્તસિદ્ધાન્તસાર સંગ્રહઃ)

ભગવાન શંકરાચાર્યે કહ્યું કે સંસારને મૃત્યુની અંદર ફસાવવાના ત્રણ ભાગ છે. માછલી જેમ રસને લઈને ફસાય છે. કોઈ ગંધને લઈને કોઈ કંઈને લઈને... એમ આ માનવો ત્રણને લઈને વાર વાર ફસાણા છે. અત્યારે ફસાણા છે ને આગળ પણ... શેનાથી ? 'कान्ताश्च जिह्वा कनकं च कानी।' કહે છે કે 'कान्ता' એટલે સ્ત્રી 'जिह्वा' એટલે ખટરસ અને ત્રીજું શું ? ધન 'कनक' એટલે... (સોનુ-ધન). આ ત્રણના લોભમાં અજ્ઞાની જીવો પ્રભુને છોડીને શું કરે ? બોલો ? ... કોઈ સ્ત્રીના મોહમાં કોઈ પૈસાના મોહમાં કોઈ સંસારની જીભ ખટરસ ખાવાના મોહમાં કે મને સારું ખાવાનું મળે કોઈ કહે મને સ્ત્રી મનગમતી મળે કોઈ કહે મને પૈસા ફાવે એટલા મળે તો બીજા બધા એની અંદર સમાય ગયા. બીજા શું થઈ ગયા ? બોલો ? કેમ કે ધનની અંદર જ બધુ સમાયેલું છે. ધનથી બધો વહેવાર ચાલે છે. ધન સ્ત્રીને માટે જોઈએ સ્ત્રી ભોગોને માટે વિષયી જીવને સારું ભોજન બનાવી આપે ખટરસ ખાવા મળે એટલે ત્રણ વિષયોમાં જીવ વાર વાર.. આમ તો પાંચે પાંચ વિષયો સમજી લેવા. એટલા માટે પ્રહલાદને ભગવાને વરદાન આપીને કહ્યું કે અરે, તું માંગ કંઈક તો પ્રહલાદ કહેવા લાગ્યો

जिह्वैकतोऽच्युत विकर्षति माऽवितृप्ता
शिश्नोऽन्यतस्त्वगुदरं श्रवणं कुतश्चित्।
घ्राणोऽन्यतश्च्यपलदृक् क्व च कर्मशक्ति
र्बहव्यः सपत्न्य इव गेहपतिं लुनन्ति ॥७-९-४०॥
(શ્રી મદ્ ભાગવત)

ભગવાને પ્રહલાદને વરદાન માંગવાનું કહ્યું તો પ્રહલાદ કહે, ભગવાન ! આ તમારા વિષયો છે ને એજ મને શાંતિથી સુખ લેવા દેતા નથી. તો શું થાય છે ? કે જેમ કોઈને ઘણી પત્ની હોય ને પાછી વશમાં ન હોય. બે શબ્દ યાદ રાખો હોય ને પાછી વશમાં ન હોય તો કોઈ નડતી નથી પણ ઓર્ડરમાં ન હોય વશમાં ન હોય ને ભાઈને ઓર્ડરમાં નાખી દીધો હોય તો અનેક સ્ત્રીઓ જેમ પુરુષને હેરાન કરે એમ આ અનેક ઈન્દ્રિઓ જીવને જગતમાં મૃત્યુના પાશમાં નાખે છે. 'जिह्वैकतो' કે એક તરફ જીભ ખટરસ ખાવા માટે દોડે છે 'जिह्वैकतोऽच्युत विकर्षति माऽवितृप्ता' કે એ કદી તૃપ્ત થતી નથી સવારે ખાધુને બપોરે પાછી ભૂખી ને ભૂખી દિવસમાં ત્રણવાર મળે તોય ચોથી વાર જીભ ઈચ્છા કરે કે કાંઈક સારું મળી જાય તો... અને 'जिह्वैकतोऽच्युत विकर्षति माऽवितृप्ता' 'शिश्नोऽन्यतः' અને જે ભોગની ઈન્દ્રિય છે એ બીજી તરફ ભોગને માટે ભટકાવ્યા કરે અને 'त्वगुदरं' કે ચામડી સ્પર્શ માટે બીજે ભટકે ઉદર પેટ ભરવા માટે બીજે ભટકે નાસિકા ગંધ માટે બીજે ભટકાવે એમ 'र्बहव्यः सपत्न्य इव गेहपतिं लुनन्ति ।' તો અનેક સ્ત્રીઓ વાળો પુરુષ જેમ ફસાય એમ હું અનેક ઈન્દ્રિયોના વશમાં રહી ભટકેલો છું. હે ભગવાન ! મારે હવે તમારી સિવાય બીજું કાંઈ જોતું નથી છત્તાંય ભગવાને કહ્યું કે નહિ તું વરદાન માંગ તો પ્રહલાદે માંગ્યું.

कामानांरतिअसंरलोह भवतत्स्तु वृणेवरं ॥
(શ્રીમદ્ ભાગવત)

પ્રહલાદે વરદાન માંગ્યું કે હે ભગવાન ! વરદાન દેવું હોય તો એવું વરદાન આપો કે મારા મનમાં ભોગોની કામના જ નો થાય 'कामानांरतिअसंलोह' કે 'હૃદયમાં કામના જ નો જાગે' એવું વરદાન આપી દો. તમારું વરદાન પૂરું સફળ...

**પ્રભુ એવી દયા કર તું, સકળમાં તુજને ભાળું,**
**અખંડ અવિનાશી નિરખીને,હૃદયની વાસના બાળું,**
**મટે અજ્ઞાન અંધારું, ગુરુના જ્ઞાનથી મારું,**
**વિષયની વાસના છૂટે, મારું મન તારામાં જુટે,**
**પ્રભુ એવી દયા કર તું, સકળમાં તુજને ભાળું,**
**અખંડ અવિનાશી નિરખીને,હૃદયની વાસના બાળું,**
**વિષમ વિષયોન ફંદોથી, રહે મન વેગળું મારું,**
**રટું પ્રભુ નામ હું તારું, પ્રભુ એવી દયા કર તું,**
**પ્રભુ એવી દયા કર તું, સકળમાં તુજને ભાળું.**

(સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજકૃત)

**(ક્રમશઃ)**

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

સુગ્રીવ તથા વિભીષણ બન્ને પોતાનાં ભાઈ પરિવારથી ત્યજાયેલાં ત્યક્ત નિરાશ્રીત જીવો છે તેને પણ હે હનુમાનજી આપે બન્ને ને રાજગાદી અપાવીને પ્રભુ દર્શન કરાવ્યાં છે. તેથી આ આપણું હનુમાનરૂપી મન રંકને રાજા બનાવવામાં સામર્થ્ય ધરાવે છે. શૂન્યમાંથી સર્જન કરવાની શક્તિ હનુમાન દ્વારા મળે છે તે આપણ મન દ્વારા જ મળે છે. જે આપણે આપણ અંતર મનનો મંત્ર વિભીષણની જેમ માનીએ તો આપણી બધી જ ઈચ્છાઓ પૂર્ણ થઈ શકે છે.!

**જુગસહસ્ત્ર જોજન પર ભાનૂ ।**
**લીલ્યો તાહિ મધુર ફલ જાનૂ ॥**

તે સૂર્યોદય થતા પહેલાં મધુર ફળ સમજીને હનુમાનજી મુખમાં લઈ લે છે. એનો અર્થ એ છે કે જે સૂર્ય છે તે જ્ઞાનરૂપી ભાણના ઉદય થતા પહેલા હનુમાન રૂપી મન તેના મુખમાં લઈ લે છે, આવરી લે છે, ઢાંકે છે ત્યારે સમગ્ર બ્રહ્માંડમાં ત્રણેય લોકમાં અંધારું છવાઈ જાય છે, જેથી વ્યવહાર ઠપ થઈ જાય છે. જ્ઞાન વગર વ્યવહાર શક્ય નથી. ત્યારે ત્યાં બધા દેવતાગણ સહિત બ્રહ્માજી, ભગવાન શિવ આદિ દેવતાઓ પોતાની શક્તિ તથા આયુષ પ્રદાન કરે છે. જેમાં શિવજી એવું વરદાન આપે છે કે, હે હનુમાન ! આજ પછી કોઈ શસ્ત્ર તને છેદી નહીં શકે. તું અમર રહીશ, ચિરંજીવી છો તથા બ્રહ્મસહિત બધા દેવતાઓ એ પોત પોતાના આયુધો આપીને આશીર્વાદ આપ્યા ત્યારથી મહાબલી વિક્રમ બજરંગી કહેવાયા. એટલે જ મનની સત્તા વગર કોઈ ઈન્દ્રિયો કામ નથી કરતી. સૂર્ય દ્વારા જ્યારે હનુમાનને જ્ઞાન આપવામાં આવ્યું ત્યારે જ્ઞાનગુણ સાગર કહેવાયા, તેથી આપણું મન સમસ્ત પ્રકારનું જ્ઞાન ધરાવે છે. યોગ્યતા ધરાવે છે. આ રીતે પોતાના મનને ઓળખવા માટે જ હનુમાન ચાલીસાનો પાઠ કરવો.

**પ્રભુ મુદ્રિકા મેલિ મુખ માંહિ ।**
**જલધિ લાંધિ ગયે અચરજ નાહીં ॥**

જ્યારે સીતાની શોધ માટે હનુમાનજીવાળી ટુકડી નીકળી ત્યારે પ્રભુ રામ હનુમાનજીને પોતાની નિશાની રૂપે એક મુદ્રિકા આપે છે, જેને હનુમાનજી મુખમાં મૂકે છે. કાંઈ ક્યાંક પડી ના જાય. એનો અર્થ એ થાય છે પરમાત્માની નિશાની રૂપ મુદ્રિકા એટલે રામનામની મુદ્રિકા મુખમાં મૂકી એટલે રક્ષણ કરવું. સતત રામનામના જપ કરનારને પરમાત્માના મંત્રને જપનાર વ્યક્તિ સાગર કૂદી ગયા એટલે સંસાર રૂપી સાગર તરી જાય છે, એમાં કોઈ નવાઈ નથી.

**દુર્ગમ કાજ જગત કે જેતે ।**
**સુગમ અનુગ્રહ તુમ્હરે તે તે ॥**

આ જગતમાં સંસાર સાગરનાં ગમે તેવા કઠિનમાં કઠિન કામ હોય તે બધા કામ સુગમ થઈ જાય છે. સરલ થઈ જાય છે. જો તમારી એટલે હનુમાન રૂપી મન તે તે કામમાં અનુગ્રહ કરે તો અર્થાત્ રૂચિ રાખે તો જો રુચિ ના હોય તે તે સરલ કામ પણ કઠિન બની જાય છે.

**રામ દુઆરે તુમ રખવારે ।**
**હોત ન આજ્ઞા બિનુ પૈસા રે ॥**

રામ, ઈશ્વર, પરમાત્માના દ્વારના તમે રખવાળા છો એટલે પરમાત્માની આજ્ઞા વગર કોઈ પણ પ્રવેશ ન કરી શકે, મન ચંગા તો કઠોતી મેં ગંગા, મન વગર માળવે ના જવાય. તે માટે પરમાત્માના મોક્ષનો માર્ગ કેવલ મન દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. ''મન એવ મનુષ્યાણાં બંધ મોક્ષ યો કારણમ્.'' મન એ જ બંધ મોક્ષનું કારણ છે.

**સબ સુખ લહૈ તુમ્હારી સરના ।**
**તુમ રક્ષક કાહુ કો ડરના ॥**

બધા સુખ હનુમાનરૂપી મનથી પ્રાપ્ત થઈ શકે છે એ જ પોઝીટીવ મન હોય તો તે જ મન માત્ર સુખનું એક જ કારણ હોઈ શકે પછી શું કામ ડરવું ?

(ક્રમશઃ)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

સ્વતઃ સિધ્ધ પરમપદની પ્રાપ્તિ પોતાના કર્મોથી, પોતાના પુરૂષાર્થથી અથવા પોતાનાં સાધનથી નથી થતી. એતો કેવળ ભગવદ્કૃપાથી જ થાય છે. શાશ્વત અવ્યયપદ સર્વોત્કૃષ્ટ છે. તે જ પરમપદને ભક્તિમાર્ગમાં પરમધાન, સત્યલોક વગેરે કહે છે. અને જ્ઞાનમાર્ગમાં વિદેહકૈવલ્ય, મુક્તિ કહે છે. તે પરમપદ તત્ત્વથી એક હોવા છતાં પણ માર્ગો અને ઉપાસનાઓને ભેદ હોવાથી ઉપાસકોની દૃષ્ટિએ ભિન્ન ભિન્ન કહેવામાં આવે છે.

**અવ્યક્તોઽક્ષર ઈત્યુક્તસ્તમાહુઃ પરમાં ગતિમ્ ।**
**ય પ્રાપ્ય ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ ॥**

અ-૮ / ૨૧

તેને જ અવ્યક્ત અને અક્ષર એવા નામે કહેવાયો છે તથા તેને પરમગતિ કહે છે તથા જેને પામીને જીવો સંસારમાં પાછા આવતા નથી. તે સારૂં પરમ ધામ છે.

''બ્રહ્મ, અવિનાશી, અમૃત, શાશ્વતધર્મ અને ઐકાંતિક સુખનો આશ્રય હું છું.'' લોકોની ધારણા એવી રહે છે કે સગુણ-ઉપાસનાનું ફળ બીજું છે અને નિર્ગુણ ઉપાસનાનુંફળ બીજુ છે. આ ધારણાને દૂર કરવાને માટે આ શ્લોકમાં બધાની એકતાનું વર્ણન કરવામાં આવ્યું છે. મનુષ્યોની રૂચિ, વિશ્વાસ અને યોગ્યતા અનુસાર ઉપાસનાના ભિન્ન ભિન્ન પ્રકાર હોય છે. પરંતુ તેઓના અંતિમ ફળમાં કોઈ ફરક નથી હોતો.

જ્ઞાનયોગી તો સ્વાધીન થાય છે અને ભક્ત પ્રેમી થાય છે. ભક્તિયોગમાં ભક્ત ભગવાનને પરાધીન નથી થતો, કારણ કે ભગવાન પારકા નથી બલ્કે આપણાં છે. ભગવાન તો સ્વાધીનથી પણ સ્વાધીન છે. જીવ જ જડતાને પરાધીન થઈ જાય છે. પરાધીનતાને દૂર કરવાથી તે સ્વાધીન તે સ્વાધીન બની જાય છે. પરંતુ ભગવાનને શરણે થવાતી તે સ્વાધીનતાપૂર્વક સ્વાધીન અર્થાત્ પરમ સ્વાધીન થઈ જાય છે. ભગવાનની આધીનતા પરમ સ્વાધીનતા છે. જેમ ભગવાન પણ ભક્તના આધીન થઈ જાય છે. **'અહં ભક્ત પરાધીનઃ'** શ્રીમદ્ભગવતગીતા ૯/૪/૬૩

ભક્તિથી સાધક જે પણ ચાહે છે, તેની પ્રાપ્તિ થઈ જાય છે. જે સાધક મુખ્યરૂપે બ્રહ્મની પ્રાપ્તિ અર્થાત્ મુક્તિ, તત્વજ્ઞાન ચાહે છે, તેને ભક્તિ કરવાથી બ્રહ્મની પ્રાપ્તિ થઈ જાય છે.

કારણ કે બ્રહ્મની પ્રતિષ્ઠા ભગવાન જ છે. બ્રહ્મ સમગ્ર ભગવાનનું એક અંગ છે, સ્વરૂપ છે.

શ્રીમદ્ભાગવતમાં સગુણની ઉપાસના ને નિર્ગુણ (ગુણોથી અતીત) બતાવી છે. 'મન્નિકેતં તુ નિર્ગુણં' (૧૧-૨૫-૨૫ 'મત્સેવીયાં તુ નિર્ગણા' (૧૧-૨૫-૨૭ વેગેરે) તેથી સગુણની ઉપાસના કરનાર ત્રણે ગુણોથી અતીત થઈ જાય છે.

સગુણ ભગવાન પણ ગુણોના આશ્રિત નથી, બલ્કે ગુણ તેમને આશ્રિત છે. જે સત્વ-રજ-તમ ગુણોનાં વશમાં છે તેનું નામ 'સગુણ' નથી. બલ્કે જેનામાં અપારઐશ્વર્ય, માધુર્ય, સૌન્દર્ય, ઔદાર્ય વગેરે અનંત દિવ્ય ગુણ નિત્ય વિદ્યમાન રહે છે. તેનું નામ 'સગુણ' છે. ભગવાન દ્વારા સાત્ત્વિક, રાજસ અથવા તામસ ક્રિયાઓ થઈ શકે છે, પરંતુ તેઓ ગુણોને આધીન હોતા નથી.

ભગવાન તરફ ચાલવાથી ભક્ત સ્વતઃ અને સુગમતાથી ગુણાતીત થઈ જાય છે, એટલું જ નહિ, તેને ભગવાનના સમગ્રરૂપનું પણ જ્ઞાન થઈ જાય છે.

**બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાહમમૃતસ્યાવ્યયસ્ય ચ ।**
**શાશ્વતસ્ય ચ ધર્મસ્ય સુખસ્યૈકાન્તિકસ્ય ચ ॥**

(શ્રીમદ્ભગવદ્ગીતા અ.૧૪/૨૭)

કેમકે બ્રહ્મનો અને અવિનાશી અમૃતનો તથા શાશ્વત ધર્મનો અને એકાન્તિક સુખનો આશ્રય હું જ છું - હું બ્રહ્મની પ્રતિષ્ઠા આશ્રય છું - એવું કહેવાનું તાત્પર્ય બ્રહ્મ સાથે પોતાની અભિન્નતા બતાવવાનું છે.

જેવી રીતે સળગતો અગ્નિ સાકાર છે અને કાષ્ઠ (લાકડાં) વગેરેમાં રહેવાવાળો અગ્નિ નિરાકાર છે. આ અગ્નિનાં બે રૂપો છે. પરંતુ તત્ત્વતઃ અગ્નિ એક જ છે. એવી જ રીતે ભગવાન સાકારરૂપે છે અને બ્રહ્મ નિરાકાર રૂપે છે. આ બે રૂપો સાધકોની ઉપાસનાની દૃષ્ટિએ છે, પરંતુ તત્ત્વતઃ ભગવાન અને બ્રહ્મ એક જ છે, બે નહિ. જેવી રીતે ભોજનમાં એક સુગંધ હોય છે અને એક સ્વાદ હોય છે. નાસિકાની દૃષ્ટિએ સુગંધ હોય છે અને રસનાની દૃષ્ટિએ સ્વાદ હોય છે, પરંતુ ભોજન તો એક જ છે. એવી જ રીતે જ્ઞાનની દૃષ્ટિએ બ્રહ્મ છે અને ભક્તિની દૃષ્ટિએ ભગવાન છે, પરંતુ તત્ત્વતઃ બ્રહ્મ અને ભગવાન એક જ છે. ભગવાન કૃષ્ણ અલગ છે અને બ્રહ્મ અલગ છે. આ ભેદ નથી; પરંતુ ભગવાન કૃષ્ણ જ બ્રહ્મ અને બ્રહ્મજ ભગવાન કૃષ્ણ છે. **''ગુરુ સાક્ષાત્ પરં બ્રહ્મ''**

આપણા માટે હાજરાહજુર પરમપૂજ્ય બ્રહ્મનિષ્ઠ ભગવદ્સ્વરૂપ શ્રીમદ્ સ્વામીજી મહારાજ સદ્ગુરુ એ જ ભગવાન છે, જાણો કે સગુણ ભગવાન આપણા પરમપૂજ્ય માતા-પિતા જ છે. બાળકોના માટે માતા-પિતા ભગવાન છે. સ્ત્રીઓ માટે પતિ જ ભગવાન છે, અને સેવકને માટે પોતાના સદ્ગુરુદેવ મહારાજ જ સાક્ષાત્ ભગવાન છે આ જ પરમ જ્ઞાન છે.

**''સાકાર અને નિરાકાર એક જ છે, બે નહિ.''**

પરમાણુરૂપે જળ નિર્ગુણ બ્રહ્મ છે, વરાળરૂપે જળ સગુણ ભગવાન છે. વાદળરૂપે જળ કારણપુરૂષ બ્રહ્મા છે, બુંદોનાં રૂપમાં જળ સામાન્ય જીવ છે. વર્ષારૂપે જળ સૃષ્ટિરચનારૂપી ક્રિયા છે અને બરફરૂપે જળ પદાર્થ છે.

અનન્ય ભક્તિથી તો મનુષ્ય ભગવાનને તત્ત્વથી જાણી શકે છે. એમનામાં પ્રવિષ્ટ થઈ શકે છે અને એમનાં દર્શન પણ કરી શકે છે. જીવનો પરમાત્મામાં પ્રેમ, આકર્ષણ આપમેળે છે. પરંતુ જ્યારે આ જીવ પ્રકૃતિની સાથે સંબંધ જોડી લે છે, ત્યારે તે પરમાત્માથી વિમુખ થઈ જાય છે અને તેનું સંસારમાં આકર્ષણ થઈ જાય છે.

પરંતુ જે ભક્ત છે. એ તો ભગવાનને જ પ્રેમ કરે છે. ભગવાનનો જ આશરો હોય છે. ભક્ત જે કંઈ કરે છે તે ભગવાનની પ્રેરણાથી જ કરે છે.

**'સર્વકર્માણ્યપિ સદા કુર્વાણો મદ્વ્યપાશ્રયઃ।**
**મત્પ્રસાદાદવાપ્નોતિ શાશ્વતં પદમવ્યયમ્ ॥ ૫૬॥**

(ગીતા અ. ૧૮/૫૬)

શ્રી ભગવાન કહે છે- મારે આશ્રયે થયેલો ભક્ત હંમેશાં સઘળાં કર્મોને કરતો હોવા છતાં પણ મારી કૃપાથી શાશ્વત અવિનાશી પરમપદને પ્રાપ્ત થઈ જાય છે.

કર્મોનો, કર્મોના ફળનો, કર્મોને પૂરાં થવા અથવા ન થવાનો, કોઈ ઘટના, પરિસ્થિતી, વસ્તુ, વ્યક્તિ વગેરેનો આશ્રય ન હોય કેવળ મારો જ આશ્રય હોય, મારો જ સહારો હોય. આ રીતે તે સર્વથા મારે જ પરાયણ થઈ જાય છે. પોતાનું સ્વતંત્ર કંઈ નથી સમજતો. કોઈપણ વસ્તુને પોતાની નથી માનતો, સર્વથા મારો આશ્રિત રહે છે. એવા ભક્તને પોતાના ઉદ્ધારને માટે કંઈ કરવું નથી પડતું. તેનો ઉદ્ધાર હું કરી દઉં છું.

**તેષામહં સમુધ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ।**
**ભવામિ નચિરાત્પાર્થ મય્યાવેશિત ચેતસામ્ ॥૭॥**

(અ.૧૨/૭)

મારામાં જ ચિત્ત પરોવનારા એ પ્રેમી ભક્તોનો હે પાર્થ! હું સત્વરે મૃત્યુરૂપી સંસારસાગરમાંથી ઉધ્ધાર કરી દઉં છું, મારે પરાયણ રહેનારા જે ભક્તજનો, સર્વ કર્મોને મારામાં અર્પણ કરીને, મુજ સગુણસ્વરૂપ પરમેશ્વરને જ અનન્ય ભક્તિયોગથી નિરંતર ચિંતન કરતાં ભજે છે.

જે કેવળ મારે જ ખાતર સઘળાં કર્તવ્યકર્મોને કરનારો છે, મારે પરાયણ છે, એ મારો ભક્ત છે, આસક્તિવિનાનો છે અને સર્વ પ્રાણીઓ પ્રત્યે વેરભાવથી રહિત છે, એ અનન્યભક્તિયુક્ત માણસ મને જ પામે છે. હવે ભગવાન ભક્તને માટે વિશેષરૂપે આજ્ઞા આપે છે. ભગવાને ચાર વાતો બતાવી છે. (૧) 'ચેતસા સર્વ કર્માણિ મયિ સંન્યસ્ય' સઘળાં કર્મોને ચિત્તથી મને અર્પણ કરી દે. (૨) 'મત્પર:' - પોતાને મને અર્પણ કરી દે. (૩) 'બુદ્ધિયોગમુપાશ્રિત્ય' - સમતાનો આશ્રય લઈને સંસાર સાથે સંબંધ વિચ્છેદ કરી લે. (૪) 'મચ્ચિત્તઃ સતતં ભવ' નિરંતર મારામાં ચિત્તવાળો થઈ જા. અર્થાત મારી સાથે અટલ સંબંધ જોડી લે.

બધાના માલિક ભગવાન જ છે. કોઈપણ ચીજ કોઈની વ્યક્તિગત તથી. કેવળ વસ્તુઓનો સદ્ઉપયોગ કરવા માટે જ ભગવાને વ્યક્તિગત અધિકાર આપ્યો છે. ભગવાને આપેલાં આ અધિકારીને પણ ભગવાનને અર્પણ કરી દેવાનો છે.

શરીર, ઈન્દ્રિયો, મન વગેરેથી જે કંઈ શાસ્ત્રવિહિત સાંસારિક કે પારમાર્થિક ક્રિયાઓ થાય છે. તે બધી ભગવાનની મરજીથી જ થાય છે. મનુષ્યતો કેવળ અહંકારને કારણે તેઓને પોતાની માની લે છે. તે ક્રિયાઓમાં જે મમત્વ છે, તેને પણ ભગવાનને અર્પણ કરી દેવાનું છે. કેમકે તે મમત્વ કેવળ મૂર્ખતાથી માનવામાં આવ્યું છે, વાસ્તવમાં છે નહિ. એટલા માટે તેઓમાંથી મમત્વનો ભાવ બિલકુલ છોડી દેવો જોઈએ અને તે બધા પર ભગવાનની મહોર લગાડી દેવી જોઈએ. 'મત્પર:' ભગવાન જ મારા પરમ આશ્રય છે. એમનાં સિવાય મારું કંઈ નથી. પામવાનું પણ કંઈ નથી. કોઈની પાસેથી લેવાનું પણ કંઈ નથી અર્થાત્ સ્થળ, કાળ, વસ્તુ, વ્યક્તિ, ઘટના, પરિસ્થિતિ વગેરે મારું 'કિંચિત્માત્ર કોઈ પ્રયોજન નથી.આવો અનન્યભાવ થઈ જવો એ જ ભગવાનને પરાયણ થવું છે.

**મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।**
**મામેવૈષ્યસિ સત્યં તે પ્રતિજાને પ્રિયોऽસિ મે ॥**

અ.૧૮/૬૫

હે અર્જુન ! તું મારામાં મન પરોવનાર થા, મારો ભક્ત બની જા, મારું પૂજન કરનાર થા અને મને પ્રણામ કર, આમ કરવાથી તું મને જ પામીશ, આ હું તારી સામે સત્યપ્રતિજ્ઞા કરૂં છું. કેમકે તું મને ઘણો જ પ્રિય છે. અને પ્રેમભાવે નિરંતર ભગવાનના નામ, ગુણ, પ્રભાવ અને સ્વરૂપનું ચિંતન કરતા રહેવું. તેમજ ભગવાનનું ભજન-સ્મરણ રાખીને જ એમની આજ્ઞા અનુસાર કર્તવ્યકર્મોનું નિઃસ્વાર્થ ભાવે કેવળ પરમેશ્વર કાજે આચરણ કરવું - એ.

'સર્વ રીતે પરમાત્માના શરણે' રહેવું છે.

'મામેકં શરણં વ્રજ' નું તાત્પર્ય છે. બહારથી (વ્યવહારમાં) બધાંની સાથે પ્રેમ, આદર-સત્કારનો વ્યવહાર કરવા છતાં પણ અંદરથી કોઈની ગરજ ન હોય, કોઈનો આશ્રય ન હોય, ભક્તિ રે કરવી એણે શૂરવીર થઈને રહેવું ને, કોઈની નહિં 'સાડીબાર' રે. માત્ર ભગવાનનો જ આશ્રય હોય.

**એક ભરોસો એક બલ એક આસ વિશ્વાસ ।**
**એક રામ ઘનશ્યામ હિત ચાતક તુલસીદાસ ॥**

વાસ્તવમાં પૂર્ણ શરણાગતિ ભગવાન જ આપે છે. જેમ નાનું બાળક હાથ ઊંચા કરે ત્યારે મા તેને ઉપાડી લે છે. એજ પ્રમાણે ભક્ત પોતાની શક્તિથી ભગવાનને સંમુખ થાય છે. 'શરણાગતિ' ની તૈયારી કરે છે તો ભગવાન તેને પૂર્ણ શરણાગતિ આપી દે છે.

આ શરણાગતિ ગીતાનો સાર છે, જેની વાત ભગવાને વિશેષ કૃપા કરીને કહી છે.આ શરણાગતિમાં જ ગીતાનો ઉપદેશ પૂર્ણ થાય છે. આ શરણાગતિની વાત સિવાય ગીતા અધુરી રહીજાત! એ માટે અર્જુને 'કરિષ્યે વચનં તવ' કહીને પૂર્ણ શરણાગતિ સ્વીકાર કર્યાપછી ભગવાન બોલ્યા નથી.

## ભીમનો ગરબો

રમીલાબેન ગોરધનભાઈ ગબાણી
પીપળીયા

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

નમુ ગણપતિ ને પાય નમું (૨)
ભોળા ભીમ શંકરને જઈ નમું રે લોલ
જેનો જાળ હેઠે વાસ જેનો (૨)
ભોળે આસન ત્યાં વાળીયારે લોલ
ભીમ પૂછે અર્જુન ભાઈ (૨)
તમે સેવા શેની કરી રે લોલ
અર્જુન કહે ભીમ ભાઈ (૨)
અમે સેવા શિવની કરી રે લોલ
ત્યાં નથી ભળો નાથ (૨)
ત્યાં તો લોટી મંગાતણી રે લોલ
ભીમે ગેડીયો લિધો હાથ માતા કુંતા લીધા સાથ
બંને બાધવ ત્યાંથી ચાલીયા રે લોલ
ગેડીયા નો કરીયો ઘા (૨)
ધારા દૂધની વછૂટી યુ રે લોલ
ક્રોધ કરશો નહી મહારાજ (૨)
અમે તમને નોતા ઓળખ્યા રે લોલ
અંતર વાસ નાખ્યા પાર (૨)
પછી પગમાં આળોટી યા રે લોલ
ભીમ પૂછે અર્જુન ભાઈ (૨)
અહીં પરમાથ કાઈ બાધવા રે લોલ
ચોમાસાના ચાર માસ (૨)
તેમા શ્રાવણ અધિક છે રે લોલ

પૂનમની કરો બળેવ (૨)
દેશ લખો કંકોત્રી રે લોલ
કંકોત્રો પહોંચી વારં વારં (૨)
વિપ્ર આવ્યા અતિ ઘણા રે લોલ
શુરમાની ઉડે શુર (૨)
ભેળા ઘી છે ગૌરીતણા રે લોલ
લાડવાની બાંધી પાળ (૨)
પછી હર હર બોલાવીયા રે લોલ
અર્જુન કહે ભીમ ભાઈ (૨)
અહીંય દક્ષિણા શું આપશું રે લોલ
પતંગ બેસાડો મહારાજ (૨)
જણ ચાર વચ્ચે રૂપિયો રે લોલ
વાગે શરણાઈના શુર (૨)
ભેળા ભુગળ અતિ ઘણા રે લોલ
ભોળે છત્ર લીધું હાથ (૨)
કરીયા કંકુવાળ રૂપિયા રે લોલ
ભોળા દઈને રાજી થાય (૨)
પાઈ સોનાની રાખડી રે લોલ
ગરબો ગાઈ પિતાબંરદાસ (૨)
જેનો અણિયાળી માં વાસ છે રે લોલ
નમું ગણપતિ ને પાય (૨)
ભોળા ભીમશંકર ને જઈ નમુ રે લોલ

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

■ **દિલમાં દીવા કરીએ !**

દિવાળીમાં લક્ષ્મી પૂજન કરવામાં આવે છે. પરંતુ લક્ષ્મીનું પૂજન રૂપિયાની પૂજા કરીને કરવું એ તો હાસ્યાસ્પદ છે. ખરૂં લક્ષ્મીનું પૂજન તો એ છે કે જેમની પાસે લક્ષ્મી નથી, તે દરિદ્રો પાસે લક્ષ્મી પહોંચાડવી, તો સાચું લક્ષ્મી પૂજન કર્યું કહેવા. દિવાળીનો દિવસ કરૂણાનો દિવસ બની જવો જોઈએ, આપણી કરૂણા પ્રગટ કરવાનો દિવસ બની જવો જોઈએ. દેશમાં જો સૌભાગ્યની લક્ષ્મી ઘેર ઘેર નહીં પહોંચે તો દુઃખ નિવારણ નહીં થાય અને આપણે ગમે તેટલા દીવા પેટાવશું છતાં અંધકાર દૂર નહીં થાય.

એટલા વાસ્તે દિવાળીના દિવસે દરેક જણે કરૂણા વ્રત લેવું જોઈએ અને એવો નિયશ્ચય કરવો જોઈએ કે સમાજને માટે, ગરીબોના માટે, દુઃખીપીડિતજનોને માટે હું દરરોજ કંઈક ને કંઈક આપી છૂટીશ અને પછી જ ખાઈશ.

સંતોએ આપણને આ જ શીખવ્યું છે. સંતોની શિખામણ વ્યર્થ નથી જતી, લોકોના દિલમાં તે પડી છે. આપણે તેને જગાડવાની છે. હવે લોકોના દિલમાં સુષુપ્ત પડેલી કરૂણાને જગાડવાનો સમાજમાં વ્યાપક રીતે કરૂણના ઉદયનો જમાનો આવ્યો છે. સમાજનું સુપેરે ધારણ-પોષણ કરૂણા દ્વારા જ થઈ શકે તેમ છે. તેના વિના સમાજ ટકશે નહીં. માટે દિવાળી એટલે કારૂણ્ય-વ્રત લેવાનો દિવસ, દિવાળી એ દિલમાં દીવા કરીએ!

■ **ચાર પુરૂષાર્થ :**

આપણે ત્યાં ચાર પુરૂષાર્થ ગણાવ્યા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. મોક્ષ એ ખરી રીતે પુરૂષાર્થ નથી. ચાર પુરૂષાર્થ કર્યા પછીનું પરિણામ છે. મોક્ષ એટલે છૂટવું. રાગ-દ્વેષમાંથી છૂટી જવું. એ જ્ઞાન વિના શક્ય નથી. તેથી જ્ઞાનનો ચોથો પુરૂષાર્થ ગણીએ છીએ એ ચારેનો સ્વાભાવિક ક્રમ - કામ, અર્થ, ધર્મ અને જ્ઞાન છે.

સૌથી પ્રથમ કામ (ઈચ્છા) ઉત્પન્ન થાય છે. જેમ કે બાળક જન્મે પછી તેને દૂધની ઈચ્છા થાય છે. તે તૃપ્ત કરવા અર્થ જોઈએ. એટલે કે દૂધ જોઈએ. માતા ધવરાવે એટલે તેની કામના પૂર્ણ થઈ. કામના પૂર્ણ કરે એનું નામ અર્થ. પૈસો અર્થ નથી, મને તરસ લાગી છે. હુ તરસ છિપાવવા પાણી મેળવું તો તે અર્થ થયો.

જે અર્થથી કામના તૃપ્ત ન થાય તે અર્થ નથી. પણ અનર્થ છે. આજે પૈસો અનર્થ બન્યો છે. હું જેમ જેમ પૈસો મેળવતો જાઉ છું તેમ તેમ કામના વધતી જાય છે. તેથી જે પૈસા મેળવી તૃપ્ત થવા પ્રયત્ન કરશે તે બીજાને લૂંટશે, ચૂસશે અને અનેક અધર્મો આચરશે, તેમ છતાં છેવટે તો તે અતૃપ્ત જ રહેવાનો. એટલે આપણી કામના એવી હોવી જોઈએ કે જે આપણને તૃપ્ત કરે અને તે પૂર્ણ કરવામાં બીજાની કામનાને પણ હાનિ ન પહોંચાડે, આ ધર્મ થયો,

આપણી ઈચ્છા એવી રીતે પૂર્ણ કરવી જોઈએ કે જેથી બીજાની ઈચ્છાને નુકશાન ન થાય, એટલું જ નહીં પણ ઉલ્ટું પ્રોત્સાહન મળે, ત્યારે તેવી કામના ધર્મમય થઈ ગણાય એમાંથી સાચાં જ્ઞાનનો જનમ થાય છે. એ જ્ઞાન વડે તૃપ્ત થયેલી કામનાઓ ફરી ઉદ્ભવતી નથી એને જ મોક્ષ કહે છે. આમ કામનાઓને જે જીતે તે મોક્ષના ભાગીદાર થાય છે. (ક્રમશઃ)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

**અભયં સત્ત્વસંશુદ્ધિર્જ્ઞાનયોગવ્યવસ્થિતિઃ ।**
**દાનં દમશ્ચ યજ્ઞશ્ચ સ્વાધ્યાયસ્તપ આર્જવમ્ ॥**

ભ.ગીતા અ.૧૬/૧

ભગવતગીતાના સોળમા અધ્યાયમાં દૈવીગુણમાં સૌ પ્રથમ પહેલો ગુણ નિર્ભય, અભય વગર મનુષ્ય કઈજ કરી શકે નહિ. સત્કર્મમાં અભયની આવશ્યકતા હોવી જોઈએ. અભય સિધ્ધ કર્યા પછી દિવ્ય સત્કર્મનો રસ્તો પસંદ કરવાનો છે. પછી સૌ પ્રથમ કાર્ય છે. સત્ત્વ શુદ્ધિનું (ચિત્તની શુદ્ધી) સાધ્યા પછી જ તે જ્ઞાનયોગમાં ઈચ્છિત ગતિ કરી શકે છે. વિકાસની ઈમારતોનો પાયો અભય છે ને સત્ત્વ સંશુદ્ધિ એનું ભોંયતળિયું છે. જો ભોંયતળીયુ ન હોય તો ઈમારત ન બની શકે. ચિત્ત શુદ્ધ ન હોય તો જ્ઞાન ભક્તિ કે વૈરાગ્ય કે બીજા એકેય સાધનમાં સફળતા ન મળે તેથી દૈવી સંપત્તિમાં જ્ઞાનયોગ વ્યવસ્થિતઃની પહેલા સત્ત્વ સંશુદ્ધિને સ્થાન આપ્યું છે. માટે સાધકે મમત્વ ભાવ રાખ્યા વિના ઈન્દ્રીય, મન, બુધ્ધિ તેમજ શરીર દ્વારા થનારી સઘળી ક્રિયામાં આસક્તિ તજીને કેવળ ચિત્ત શુદ્ધિ માટે કર્મ કરવા જોઈએ. ચિત્ત શુદ્ધ કરવા માટે સત્કર્મ નિષ્કામ કર્મ જ કારણ બને છે. ચિત્તશુદ્ધી એટલે શું? પતંજલિ મુનિ પોતાના યોગ સૂત્રોમાં કહ્યું. યોગ ચિત્તવૃત્તિ નિરોધ, ચિત્તમાં ઉત્પન્ન થતા અનેક ક્લેશો અનેક પ્રકારની વૃત્તિરૂપી તરંગોને અટકાવવા એટલે યોગવૃત્તિ. સંસારના પદાર્થમાંથી પાછી વાળી પરમાત્મામાં જોડવી શાસ્ત્રો અને સંતો મહાત્મા કહે છે. સાચુ સતચિત આનંદ સ્વરૂપ આત્મા છે. પણ જીવ સાચા સ્વરૂપને ભુલી નાનકડા ક્ષેત્રમાં બંધાઈ ગયેલો સમજી બેઠો છે. પોતાની શક્તિઓની જાણ નથી તેથી પોતાને અલ્પ, શુદ્ર, દિન, અપૂર્ણ ને અનેક દુઃખોથી ઘેરાયેલો સમજે છે. ગુરૂ દ્વારા મૂળ સ્વરૂપને જાણવું જોઈએ. પછી તેમાં ચિત્ત જોડવાનું છે. ચિત્તપર અવિદ્યાનું આવરણ છે તે દૂર કરવાનું છે. ચિત્ત ને ક્લેશ કરાવનારી વૃત્તિઓમાં અહંકાર, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, ઈર્ષા, દંભ, તૃષ્ણા આમ અનેક વૃત્તિના લક્ષણો છે. આ લક્ષણોમાં વૃત્તિઓ અથડાયા કરે છે. પરિણામે પરમતત્ત્વ પરમાત્મામાં સ્થિર થતી નથી. એટલા ટુકા ક્ષેત્રમાં પોતાની સત્તામાં માને છે. અહિં તેના હુ પણાનો અહંકાર ઉત્પન્ન થાય છે. તેથી હું મોટો બનુ સત્તાવાળો બનું તેવી ઈચ્છા થાય છે. તેથી જગતની વસ્તુ મેળવવા રાત-દિવસ મહેનત કરે છે ને ઈચ્છા પૂરી ન થતા એમાંથી કામ, ક્રોધ, લોભ ને તૃષ્ણા જન્મે છે. કામના પુરી ન થતા ક્રોધ કરવા લાગે છે ને વસ્તુ મળતા અભિમાન કરવા લાગે છે. ન મળેતો દ્વેષ કરવા લાગે છે. તેજ વસ્તુ બીજા મેળવે છે તો ઈર્ષા કરે છે. પોતે જ જગતની વસ્તુ વગર અધુરો તેવુ માને છે. આમ હિંસા છળ, કપટ કરતા વેર અસત્યનું આચરણ કરી અજ્ઞાનઅવિદ્યાના વડને વિશાળ બનાવે છે. આ બધી આસુરી સંપત્તિની પાછળ એકજ વિસ્મૃતિ છે હું પરમાત્માથી અલગ છું. પુસ્તકોમાંથી ગુરૂમુખેથી સંતપુરૂષો પાસેથી જાણી તો લીધું કે હું ને પરમાત્મા જુદા નથી એટલું શાબ્દાદિક જ્ઞાનથી કામ નહિ થઈ જાય. ગુરૂમુખેથી શ્રવણ કરી ચિત્તવૃત્તિમાં સતત મનન કરી પછી આચરણમાં મૂકી ત્યારેજ ચિત્ત શુદ્ધ થાશે. માટે સતત અભ્યાસ કરતા રહીએ ને સંસારના પદાર્થમાંથી વૈરાગ્ય વધારતા જઈએ. સદ્‌ગુરૂના ચરણોમાં કોટિકોટિ વંદન.

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ ચમારડી સ્વ. મનુભાઈ દામજીભાઈ સવાણી (ઉંમર વર્ષ ૭૪) સંવત ૨૦૭૩ આસો સુદ-પાંચમ તા. ૨૫-૯-૨૦૧૭ ને સોમવારના રોજ માધવ શરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

પ. પૂ. સ્વામી શ્રી હરિહરાનંદસાગરજી મહારાજના હરિદ્વાર આશ્રમમાં કથા સત્સંગ આધારિત,

૧૩ મા અધ્યાયમાં ૩ વસ્તુનો વિશેષરૂપી પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એક તો ક્ષેત્ર કોને કહેવાય? અને બીજુ જ્ઞાન. એટલે જ્ઞાનના સાધનો અને ત્રીજુ ધ્યેયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ક્ષેત્રનું જ્ઞાનના સાધનોનું અને ધ્યેય પરમાત્માનું વર્ણન ભગવાન શ્રી કૃષ્ણએ અલગ અલગ કર્યું છે. પાંચમા અને છઠ્ઠા બે શ્લોકમાં ક્ષેત્રનું સ્વરૂપ બતાવ્યું છે.

ક્ષેત્ર એટલે, જે આપણને દેખાય નહિં. જેમાં આ જીવ બંધાયેલો છે. એને ક્ષેત્ર કહેવામાં આવે છે. જેમ કહેવામાં આવે છે કે ભોજન કરી લ્યો તો ભોજનની અંદર રોટલી, શાક, દાળ વગેરે બધુ આવે છે. એમ ભગવાન શ્રીકૃષ્ણ ક્ષેત્રનું વર્ણન કરે છે. તો ક્ષેત્રમાં કોણ-કોણ મુખ્ય આવે છે? કયા-કયા પદાર્થો છે જે ક્ષેત્ર પ્રત્યેના છે? ભગવાન શ્રી કૃષ્ણે બે શ્લોકમાં ક્ષેત્રનું સ્વરૂપ બતાવ્યું છે.

महाभूतान्यहङ्कारो बुद्धिरव्यक्तमेव च।
इन्द्रियाणि दशैकं च पञ्च चेन्द्रियगोचराः॥
इच्छा द्वेषः सुखं दुःखं सङ्घातश्चेतना धृतिः।
एतत्क्षेत्रं समासेन सविकारमुदाहृतम्॥

આ બધાને ક્ષેત્ર કહેવામાં આવે છે. સૌથી પહેલા ભગવાને નામ લીધુ. મહાભૂતાની. મહાભૂત ''મહાન ચ ભૂતાની ચ ઈતિ મહાભૂતાની.'' જે મહાન છે અને સાથે સાથે ઉત્પન્ન થાય છે એટલે એને મહાભૂત કહેવામાં આવે છે. કોણ છે મહાભૂતો? ભૂત શબ્દ છે એ અનેક ગ્રંથોમાં વપરાયેલુ છે. વેદાન્તમાં ભૂત શબ્દનો પ્રયોગ વિશેષ કરીને છે. સત્તાવાન પદાર્થ છે એના માટે છે. ''ભુ'' ધાતુથી ભૂત શબ્દ બને છે. એટલે જે અસ્તિત્વવાન છે એને ભૂત કહેવામાં આવે છે. અને આવા પાંચ પદાર્થો છે. આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી આને પાંચ ભૂતો કહેવામાં આવે છે. ભૂત એટલે જે ઉત્પન્ન થયુ છે. એ અને છે એવા શબ્દનો જે વિષય છે. સસલાને શીંગડા છે એવું આપણે કદી કહી શકીએ છીએ? નહિ, કારણ કે એ સત્તાવાન નથી. જે પ્રકાર ઉત્પન્ન થઈ ચૂક્યો છે અને જે સત્તાવાળો છે એને ભૂત કહેવામાં આવે છે.

આપણને જે દેખાય છે. એટલે કે આકાશ અને વાયુ દેખાયા નથી. તેવી જ રીતે જળ અને પૃથ્વી તો દેખાય છે. તો દેખાય છે અને ના દેખાય એમાં ભૂતો બે પ્રકારના હોય છે. એક સૂક્ષ્મ અને એક સ્થૂળરૂપ. બે પ્રકારના ભૂતો છે. સૂક્ષ્મ ભૂતોથી આપણી જ્ઞાનેદ્રિયો બને છે. કર્મેન્દ્રિયો બને છે. પ્રાણ બને છે. અને મન બને છે. સ્થૂળભૂતોથી આ આપણા સ્થૂળ શરીરો બને છે. સૂક્ષ્મ પાંચ ભૂતોથી સૂક્ષ્મ શરીર બને છે. સ્થૂળથી સ્થૂળ શરીર બને છે. એને પંચીકૃત અને અપંચીકૃત એમ બે પ્રકાર કહેવામાં આવે છે. અપંચીકૃત પાંચ ભૂત એટલે એમ જો ઘડો બનતા પહેલા માટી રૂપમાં હોય છે. જ્યારે કુંભાર એને ચક્ર પર ચડાવીને ઘડો બનાવે ત્યારબાદ આપણે એને ઘડાના સ્વરૂપમાં ખરીદીએ છીએ અને પછી તેમાં પાણી ભરીએ છીએ અને પછી તે પાણી ઠંડુ થાય એ આપણે પી શકીએ છીએ. ઘડો જ્યારે માટીના રૂપમાં હોય છે તેને અપંચીકૃત કહેવામાં આવે છે. એ કુંભારે જ્યારે વ્યાપાર કર્યો અને માટીમાંથી ઘડાનું ઉદાહરણ કર્યું એને પંચીકૃત કહેવામાં આવે છે. એમ પરમાત્માની આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી એ પેલા સૂક્ષ્મ રૂપથી અપંચીકૃત રૂપથી ઉત્પન્ન થઈ છે. જે નજરે નથી દેખાતા એ અપંચીકૃત. પંચમહાભૂતમાંથી જ્ઞાનેન્દ્રીયો, કર્મેન્દ્રીયો, પ્રાણ અને મન બને છે. આકાશમાંથી શ્રોત ઈન્દ્રિય,. આકાશનો કુંભ જે શબ્દ છે ને એ શ્રોત્રઈન્દ્રીય સાંભળી શકે છે. એ જ

પ્રમાણ છે કે શ્રોત્રઈન્દ્રિય અપંચીકૃત આકાશમાંથી બનેલ છે, એટલે આકાશનો કુંભ શબ્દ એ શ્રોતઈન્દ્રિય સાંભળી શકે છે. શ્રોતનો પ્રારબ્ધ સમાપ્ત થઈ જાય એટલે જીવને શ્રવણ દરમ્યાન જે દુઃખ થાય એ બંધ થઈ જાય છે. એટલે સાંભળવાનું બંધ થઈ જાય છે. એવી રીતે એ અપંચીકૃત જે વાયુ છે એમાંથી ત્વગેન્દ્રીય બને છે. કેવી રીતે ખ્યાલ આવે કે ત્વગેન્દ્રીય વાયુમાંથી બનેલ છે. આચાર્ય એ કહ્યું કે વાયુનો જે કુંભ છે. સ્પર્શ એ ત્વગેન્દ્રીય દ્વારા જ કરી શકાય છે. અન્ય ઈન્દ્રિયો દ્વારા સ્પર્શનો અનુભવ નથી થઈ શકતો સ્પર્શ ઠંડો છે, ગરમ છે. કઠિન છે કે નરમ છે. એ આંખથી ના દેખાય, કાનથી ના સંભળાય એ માત્ર ત્વગેન્દ્રીય દ્વારા જ અનુભવ કરી શકાય. જેમ લાડવો છે. લાડવાની અંદર ઘણા બધા પદાર્થો છે. લોટ છે, પાણી છે, ઘી છે અને જો એમાં ખાંડ નાંખવાની ભુલાઈ ગઈ હોય તો લોટ, પાણી, ઘી વગેરેથી લાડવો તો બની જાય છે. પણ બહારથી જોવાથી ખરબ પડે કે લાડવો ગળ્યો છે કે મોળો છે? ખાવ ત્યારે ખબર પડે કે લાડવામાં ખાંડ નાખવાની બાકી છે. અને ખાંડ નાખી હોય તો ખાવ ત્યારે ખબર પડે કે ખાંડ નાખી છે.

અને ગળપણનો આરોપ આપણે લાડવા પર કરીએ છીએ. કે લાડવો ગળ્યો નથી. તો લાડવામાં જે જે પદાર્થો વપરાયા છે એ કયા-કયા ગળ્યા છે? લોટ ગળ્યો છે? પાણી ગળ્યું છે? ઘી ગળ્યું છે? બધાનું પરિક્ષણ કરી નાખ્યું એટલે ખ્યાલ આવ્યો કે લોટ પણ ગળ્યો નથી. પાણી પણ ગળ્યુ નથી. ઘી પણ ગળ્યું નથી. અર્થાત્ કે ખાંડ ગળી છે. સાંકર નાખી છે તો આ સાંકર ગળી છે કે ગોળ નાખ્યો છે તો એ ગોળ ગળ્યો છે. એટલે આ ગળપણનું કારણ સાકર છે. ગળપણ એ સાકરનું તત્ત્વ છે. એવી રીતે સ્પર્શ છે એ વાયું તત્વ છે. એટલે એ સ્પર્શનો અનુભવ કરી શકે છે. ત્યારબાદ અપંચીકૃત દેહ તેજ છે. એમાંથી ચક્ષુ બની છે. અને તેજમાંથી ચક્ષુ બનેલી હોવાથી જ ચક્ષુ દ્વારા તેજનો પૂર્ણ જે રૂપ છે એનો અનુભવ કરી શકાય છે. જોઈ શકાય છે. એટલે તેજ પ્રમાણે અપંચીકૃત જે જળ છે એ જળમાંથી રસનાન્દ્રિય બનેલી છે.

એટલે એ જળની અંદર જે રહેલો છે રસ એનો અનુભવ કરી શકે છે. અપંચીકૃત પૃથ્વીમાંથી ઘ્રાનેન્દ્રિય બનેલી છે. એટલે પૃથ્વીનો જે પૂર્ણપંથ એને એ ગ્રહણ કરી શકે છે. તો જેને ભૂતો પાંચ છે એમાંથી બનેલી એક એક ઈન્દ્રીયો પાંચ છે. અને પાંચેય ઘ્રાનેન્દ્રીયો છે અને પાંચેય ભૂતોમાં રહેલા ગુણને એ ગ્રહણ કરે છે. એનાથી નક્કી થયું કે ઘ્રાનેદ્રિયો એ ભૌતિક છે. એવી જ રીતે કર્મેન્દ્રીયો પણ અપંચીકૃત પંચમહાભૂતોમાંથી એક એકમાંથી ઉત્પન્ન થયેલી છે. પાંચ પ્રાણ પણ એ જ રીતે ઉત્પન્ન થાય છે. મન અને બુદ્ધિ પણ એ જ રીતે ઉત્પન્ન થયા છે. અપંચીકૃત પંચમહાભૂતમાં સત્વાંશમાંથી જ્ઞાનેન્દ્રિયો, રજોગુણમાંથી કર્મેન્દ્રીયો અને પાંચ પ્રાણ એક એકમાંથી અને અપંચીકૃત પંચમહાભૂતમાં પાંચેય ભૂતોમાંથી સત્વાંશને ગ્રહણ કરી તે મન બન્યુ અને અપંચીકૃત પંચમહાભૂતમાં તામશ અંશમાંથી આપણું આ સ્થૂળ શરીર બન્યું.

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ જોરાવર નગર સ્વ. ભીમજીભાઈ કાળુભાઈ સંઘાડિયા (ટ્રસ્ટી-શ્રીમાનવાનંદ આશ્રમ-જોરાવર નગર) (ઉંમર વર્ષ ૮૬) સંવત ૨૦૭૩ આસો વદ-છઠ તા. ૧૧-૧૦-૨૦૧૭ ને બુધવારના રોજ માધવ શરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

# દિવ્ય જીવનની ચાવી

લેખક : શિવ

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

મનની તંદુરસ્તી એ જ સાચુ આરોગ્ય છે. જેનુ શરીર બળવાન અને હૃષ્ટ-પુષ્ટ છે પરંતુ જેના મનમાં ખરાબ વિચારો કામ, ક્રોધ, લોભ, ધૃણા, વેર, હિંસા, અભિમાન, કપટ, ઈર્ષ્યા, સ્વાર્થ આદી દુર્ગુણો રમી રહ્યા છે તેને કદાપિ તંદુરસ્ત કહી શકાય નહિ. વળી, તેના શારીરિક સ્વાસ્થ્યની સંપત્તિ પણ જોતજોતામાં લુંટાઈ જાય છે.

મનને વાસનારહિત બનાવવું આવશ્યક હોવા છતાં પણ, તે કામ બોલવામાં જેટલુ સહેલું છે તેનાથી અનેકગણુ વધારે આચરવામાં અઘરું છે. માટે પહેલા હૃદયની મેલી વાસનાઓની જડ ઉખેડીને તેને સ્થાને નિર્મળ ભાવનાઓનો ભંડાર ભરવો જોઈએ.

સદ્‌વાસનાઓનો જેટલો વધારે સંગ્રહ કરવામા આવશે તેટલુ જ વધારે સુખ તમે મેળવી શકશો.

જે માણસને મનનો રોગ લાગુ પડયો છે તે 'મન રોગી' માણસ અનેક પ્રકારની અદ્રશ્ય આગમાં બળી રહ્યો છે. કયારેક કામનાથી સળગે છે, તો કયારેક લોભથી, કયારેક અભિમાનની આગમાં, તો કયારેક વેર વાળવાની; કયારેક ક્રોધથી, તો કયારેક ઈર્ષ્યાથી. આ અપ્રગટ આગના અદશ્ય ભડકાનો તાપ જીરવવો કઠણ છે. પરંતુ જાણીબુઝીને આગમાં પડવા ઈચ્છે તેને કોણ રોકી શકે ? હાથમાં દીવો લઈને કૂવામાં પડનાર વ્યકિતને રોકવો શું વાજબી છે ?

એક આંગ્લ કવિની લોકોક્તિ છે : 'હેન્ડસમ ઈઝ ધેટ હેન્ડસમ ડઝ.' અર્થાત્ જે મનુષ્ય સુંદર કાર્યો કરે છે તે જ સાચા અર્થમા સુંદર છે. જેનામાં સ્વરૂપની સુંદરતા છે તથા જેના શરીરનો રંગ અને ચહેરાની ચમક ચિત્તાકર્ષક છે, પરંતુ જેનુ હૃદયમંદીર દુર્ગુણો અને દોષોથી છલોછલ ભરેલું છે તેવા મેલા માનવીઓના હૃદય હંમેશા બેડોળ અને કદરૂપા હોય છે. તેમના હૃદયના ભાવો-ઉરના ઉદ્‌ગારો જેમજેમ વ્યકત થતા જાય છે તેમ તેમ તે જનતાના તિરસ્કારનું પાત્ર બનતા જાય છે. જે બીજાને ધિક્કારે છે તેને ધિક્કાર સિવાય બીજુ શું મળે ? વાવે તેવુ લણે ! કરે તેવુ પામે !

હૈયાનુ કબાટ સાફ કરો, હૃદયના ખુણાના ઉંડાણમાં છુપાયેલા દાષોને વીણીવીણીને દેશવટો દઈ દો, સદ્‌ગુણોને શોધીશોધીને અપનાવો. તમારુ હૃદય નટવરનું નિવાસસ્થાન, મોહનનું મંદીર બની જશે.

જેના હૃદયમાં દૈવી ગુણોની દિવ્ય પ્રભા ઝળહળી રહી છે તે જ સાચો દેવ અને જેના હૃદયમાં આસુરી ભાવોની ઉથલપાથલ મચી રહી છે તે જ ખરો દાનવ છે.

દેવ બનવું કે દાનવ બનવું, રામ બનવું કે રાક્ષસ બનવું એ તમારા પોતાના જ હાથમાં છે.

સમસ્ત વિશ્વમા જો કોઈ વ્યકિત પુર્ણ હોય તો એકમાત્ર ભગવાન જ છે. જે બ્રાહ્મણમાં વિરાજે છે તે જ ગાયમાં ગોચર થઈ રહ્યો છે. જગતના ચરાચર જીવોમાં તે જ વસી રહેલો છે. આ બધા સાથેના વ્યવહારમાં ઘણો તફાવત છે અને બાહ્ય મતભેદો તો રહેવાના જ; પરંતુ આ ભેદ ભાસતો હોવા છતાં પણ, વાસ્તવિક રીતે અભેદનો અનુભવ કરવાની કળાને જ ભગવાને ગીતામાં 'બ્રહ્મ દર્શન' તરીકે ઓળખાવી છે. તમામ પ્રાણીઓને જે સમાન દષ્ટિથી જુએ છે તે જ દિવ્યતા પામીને પ્રભુનાં પરમ પ્રિય ભકત બને છે.

આપણે બધાએ પણ ભગવાનનાં ભકત બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. બધામાં વિભુને વસેલો સમજીને, મનોમન બધાને પ્રણામ કરીને, બધા સાથે માયાળુ વર્તાવ રાખવો જોઈએ. વ્યાવહારીક દષ્ટિએ અનેકવિધ ભેદોનુ અસ્તિત્વ હોવા છતાં, તેમાં ભગવદ્‌ભાવ થવાથી તમામ દોષો દૂર થઈ જાય છે; અંગપ્રત્યંગમાં પ્રસરેલું માયાનુ ઝેર બહાર નીકળી જાય છે.

સાચા ભકતોને તો સર્વત્ર, સર્વદા અને સહુમાં પોતાના પ્રિયપાત્ર પ્રભુનાં જ દર્શન થાય છે. આ જગતને તેઓ લીલામય પ્રભુનું 'લીલાક્ષેત્ર' સમજે છે. તેમને બધું ભગવાનમય જ જણાય છે. પ્રાણેશ્વરને નિત્યનુતન સ્વરૂપોમાં નીરખીને તેમનું હૃદય હર્ષપુલકિત બને છે અને લીલામયની અકળ લીલાનું તે હાર્દીક અભિવાદન કરે છે.

પતિવ્રતા સ્ત્રીના હૃદયમાં પતિનુ સ્થાન જેટલું સુરક્ષિત હોય છે, તેટલું જ ભકતના હૃદયમાં ભગવાનનુ સ્થાન સુરક્ષીત રહે છે. જેવી રીતે પતિપરાયણ સાધ્વી સ્ત્રી, પતિરૂપે, પતિ સિવાય બીજા

કોઈને સ્વપ્નમાં પણ સ્વીકારતી નથી, તેવી જ રીતે ભકતહૃદયમાં ભગવાન સિવાય બીજાને માટે સ્થાન હોતું નથી. સાચુ પુછો તો, ભકતોનાં હૈયાં પર પ્રભુનું અખંડ અને નિષ્કંટક સામ્રાજય વ્યાપી રહ્યું હોય છે. બીજી સત્તાને તે સ્વપ્નમાં પણ મંજુર કરતો નથી.

ભગવાન સર્વશકિતમાન છે, સકલ સદ્‌ગુણસંપન્ન છે, સર્વના સ્વીકૃત સ્વામી છે; ઐશ્વર્ય, કારુણ્ય (કરુણતા), સૌંદર્ય વગેરેના અગાધ સમુદ્ર છે. આ વાતની જેને ગેડ બેસી જાય છે તે આપોઆપ પ્રભુ તરફ ખેંચાય છે. શાસ્ત્ર અને સ્વાનુભવસિદ્ધ સંતોની સમર્થ વાણીમાં શ્રદ્ધા સેવીને આપણે ભગવાનનું ભજન કરવુ જોઈએ.

ભગવાન સિવાય અન્ય વસ્તુનો અભાવ થવાથી શ્યામસુંદરનાં ચિંતનમાં જ તમે ડુબી જશો.

જે પ્રભુના પ્રેમી બન્યા, જે વ્હાલાનાં વ્હાલા બન્યા તેમનું જે જીવન સફળ થાય છે. સાચી સફળતાને લૌકીક માન-સન્માન સાથે જરાય નિસ્બત નથી. આ વિષયોમાં બધાથી વધારે સફળતા મેળવનાર મનુષ્ય પણ વાસ્તવમાં તો નિરર્થક જીવન જીવી રહ્યો છે. જેના હૃદયમાં પ્રભુપ્રેમ નથી તે ખરેખર 'અભાગીયો જીવ' છે.

જગત ભલે તમને સુખી ને સદ્‌ભાગી સમજે, છતાં તમારા મનમાં દોષ ભર્યા હશે અને તમારા હૃદયમાં પ્રભુપ્રેમરૂપી અમૃતરસનો પ્રવાહ નહિ વહી રહ્યો હોય તો, નક્કી માનજો કે, તમારી સંસારયાત્રા જરૂર નિષ્ફળ નીવડી છે.'

જેને કોઈ ઓળખતું નથી અને નિષ્ફળ જીવન જીવતો સમજીને લોકો ધક્કો મારે છે, તેમજ તેને જોઈને લોકો મોઢા ચઢાવે છે, એવા મેલાઘેલા લાગતા માણસોમાંથી જ એવા માણસો પાકે છે અને જડે છે, જેમણે પોતાનો જન્મારો સફળ કર્યો હોય છે - મનખો પાવન કર્યો હોય છે.

બહારનો દેખાવ દૂર કરીને અંતરનો ઓરડો સાફ કરો; દુષ્ટ દુર્ગુણોને પાણીચુ પકડાવી તેમની જગ્યાએ પ્રભુપ્રેમ ભરો. જેને 'પોતાનું' ગણતા હોઈએ તે બધું ભગવાનનાં ચરણોમાં સમર્પણ કરો. આથી તમારામાં ભગવતી શકિતનો આવિર્ભાવ થશે. અણનમ શ્રદ્ધા રાખીને આગે બઢો !

ભગવાનની કૃપા આગળ કોઈપણ કાર્ય કઠીન નથી. આમ કરવાથી તમે વિજયને વરશો; એટલુ જ નહી, પરંતુ આના આ જ માનવઅવતારમાં તમને 'દૈવ' ની પદવી પ્રાપ્ત કરવાનું સદ્‌ભાગ્ય સાંપડશે.

## સત્સંગ સુધા

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

### પ.પૂ. સ્વામીશ્રી અખંડાનંદસાગરજી મહારાજશ્રીના ગીતા પ્રવચનમાંથી

''માનવજીવન'' પરમાત્માંથી જ ઉપજતું હોવાથી પરમાત્મતત્ત્વ સાથે તેને સંબંધ છે. માનવજીવનનો એક તરફ આસપાસ આવેલા જગત સાથે સંબંધ છે તો બીજી તરફ વિચાર અથવા મન એ આપણા માનવ-જીવનને પરમાત્મતત્ત્વ સાથે જોડનારી નહેર જેવું છે. આવો આપણો આ માનવ જન્મ દિવ્ય છે. પરમાત્મતત્ત્વ સાથે સંબંધ કરતાં કરતાં માનવ જન્મમાં જીવ ભિન્ન ભિન્ન પ્રકારની વિદ્યાઓનો અભ્યાસ કરે છે. પણ સર્વ પ્રકારની વિદ્યાઓમાં ઊંચામાં ઊંચી વિદ્યા તે બ્રહ્મજ્ઞાન છે એને ભારતીય સંસ્કૃતિ ''બ્રહ્મવિદ્યા'' કહેવાય છે. આ વાતનો ઉલ્લેખ કરતાં ભગવાન નવમા અધ્યાયમાં અર્જુનને બતાવતા કહે છે.

**ઈદં તુ તે ગુહ્યતમં પ્રવક્ષ્યામ્યનસૂયવે !**
**જ્ઞાનં વિજ્ઞાનસહિતં યજ્જ્ઞાત્વા મોક્ષ્યસેऽશુભાત્ ॥**

ત્રણ પ્રકારનું જ્ઞાન છે. ગુહ્ય-ગુહ્યત્તર એમાં ગુહ્ય એટલે બધા લોકો જાણી ન શકે એવું જ્ઞાન છુપાયેલું વ્યવહારનું જ્ઞાન એવું છે કે દેખાદેખીથી માણસ શીખી શકે જાણી શકે. પરંતુ આ જ્ઞાન બાહ્ય છે. જ્યારે જે અંદરનું જ્ઞાન છે તે સદ્‌ગુરૂની કૃપા સિવાય મળતું નથી. ગુહ્યત્તર એટલે ભક્તિનું

રહસ્ય જાણવું અને ગુહ્યત્તમ એટલે આત્માને બ્રહ્મરૂપે જોવું તે આમ આત્માનું જ્ઞાન, ભક્તિનું જ્ઞાન અને પરમાત્મા સંબંધી બ્રહ્મસ્વરૂપનું જ્ઞાન એ ત્રણેય એક બીજાથી શ્રેષ્ઠ છે. એટલે સામાન્ય માણસો તે સમજી શકતા નથી. તેથી ભગવાન જ્ઞાન વિજ્ઞાન સહિતનું જે જ્ઞાન છે તે બતાવે છે. જેના દ્વારા જીવો તમામ પ્રકારના દુઃખોમાંથી છૂટી જાય છે. આ જ્ઞાન સર્વશ્રેષ્ઠ, દિવ્ય અને મંગળમય છે. આવું પરમ પવિત્ર હોવા છતાં પ્રશ્ન થાય કે સંસારના બધા જીવો આવું સુંદર જ્ઞાન લેતા કેમ નથી. તે બતાવતાં ભગવાન કહે છે. આ બ્રહ્મવિદ્યાનું ફળ છે. તે ''પ્રત્યક્ષાવગમં'' પ્રત્યક્ષ ફળ છે. તમે પુણ્ય કરો, દાન કરો, જપ કરો, પરંતુ એ ફળ તમને કાળાંતરે એટલે કે બીજા જન્મે પણ મળે પરંતુ બ્રહ્મવિદ્યાનું ફળ એક એવું છે કે તમે તેને જાણો કે તરત જ તમને લાભ કરે કારણ બ્રહ્મ તમારી અંદર છે. એટલે બ્રહ્મને જાણો એટલે તે તરત જ પ્રાપ્ત થાય પરંતુ ઘણા જીવો સમજે છે કે બ્રહ્મવિદ્યા બહુ કઠિન છે. તેથી તે શીખવા, જાણવા પ્રયત્ન જ કરતા નથી હોતા તેથી તેઓ તેનું ફળ મેળવી શકતા નથી. જ્ઞાન મેળવવું કઠિન નથી. પરંતુ યોગ્ય ગુરૂ મળવા કઠિન છે.

**''કો દુર્લભો સદ્ગુરૂરસ્તિ લોકે''**

કઠિન એટલા માટે છે કે જેને ઊંધા સંસ્કારો પડી ગયા છે કે ભગવાન દૂર છે. એવા સંસ્કારો પડી ગયા હોય પરંતુ બ્રહ્મ મળવા અઘરા નથી પણ વિષય વાસના છૂટવી અઘરી છે એટલે શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે-

**દુર્લભો વિષયસ્ત્યાગો દુર્લભતત્ત્વદર્શનમ્ ।**
**દુર્લભા સહજાવસ્થા સદ્ગુરોઃ કરૂણાં વિના ॥**

જ્યાં સુધી સદ્ગુરૂની કૃપા ન થાય ત્યાં સુધી વિષયોનો ત્યાગ થવો કઠિન છે. એનું ફળ ''અવ્યયમ'' અવ્યય એટલે ક્યારેય તૂટે નહીં. એક વાર મેળવ્યા પછી ફરીને મેળવવું પડે નહીં. પોતાના સ્વરૂપને જાણવું એ પ્રત્યેક માનવનો ધર્મ છે. તમને તમારા મૂળ સ્વરૂપની સાથે એકતા કરાવવા માટે ભગવાન બોધ આપતા કહે છે. હું તમારા સર્વમાં વ્યાપી રહેલો છું. તેથી તમારે બહાર શોધવાની જરૂર નથી. તમે મને તમારી અંદર જ પ્રાપ્ત કરી શકશો. હું તમારા સર્વનું કારણ છું. તેથી હું જે છું તે તમે છો. તમે પણ મહાન આત્મા છો. તેથી મારા જેવા મહાન બનવા તૈયાર થાવ.

**''થાવો બાળક સાચા (૨)**
**પિતાના ગુણને અંતરમાં પ્રગટાવો**
**છો અમૃતના બાળ (૨)**
**પિતાના સમાન અમર બની જાવો.''**

તો ભગવાને અહીં સુંદર જ્ઞાન આપ્યું. આપણે સૌ એ મહાન પિતાના અમર વારસો છીએ તો પિતા જેવા મહાન બનીએ. આ સંસારરૂપી ખાબોચિયામાંથી બહાર નીકળી આ મહાન જગતનાં સરોવરમાં વિચરીએ. પ્રભુ સર્વને મહાન, પવિત્ર, દિવ્ય, બનાવે એજ પ્રભુ પાસે પ્રાર્થના.

## ભજન


સાવરે સોનાની મારી નાવડી
નાવડી ના નાવિક ગુરુદેવ રે નાવડી સોંપી
ગુરુના હાથમાં
આકરુ ને મારગ નાવ હાંકજો,
દર્શન અમને માધવાનંદના થાય રે નાવડી સોંપીં
ગુરુના હાથમાં
લીંબાસીના મારગ નાવ હાંકજો,
દર્શન અમને આત્માનંદના થાય રે... નાવડી
આંકલાવને મારગ નાવ હાંકજો,
દર્શન અમને ચિદાનંદના થાય રે... નાવડી
ઓજરાળાને મારગ નાવ હાંકજો
દર્શન અમને શિવોહંસાગરના થાય રે... નાવડી
ચાણોદને મારગ નાવ હાંકજો
દર્શન અમને અખંડ આનંદના થાય રે... નાવડી

**કોશિયા વીરૂબેન ગોરધનભાઈ (ભાંભણ)**

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

સંસારની સમસ્યાઓના મૂળમાં ધર્મ અને અધર્મ વચ્ચેની મનુષ્યની સમજણનો અભાવ રહેલો છે. આપણે ધર્મની સાચી સમજણ કેળવીએ તો સમાજમાં આજે જે હિંસા, ભય અને આતંકવાદનું વાતાવરણ પ્રસરેલું છે તેને ઓછું કરી શકાય. આપણી મર્યાદા એ છે કે ધર્મના નામે આપણે ધર્માભાસમાં જ રાચીએ છીએ. ધર્માભાસ્ત મનુષ્ય કરતાં નાસ્તિક માણસ વધારે સારો, નાસ્તિક માણસ સંસારમાં જે સુખ-દુઃખનો અનુભવ કરે છે તેની જવાબદારી પોતાના માથે જ લેતો હોય છે. કોઈના પ્રત્યે તેને ફરીયાદ કરવાની હોતી નથી. આસ્તિક માણસ ધર્માભાસમાં રાચતો હોવાથી સંસારમાં પોતાના સુખદુઃખ માટે કોઈ બીજા તત્ત્વને જવાબદાર ગણે છે. જીવનમાં અનુભવાતા પરિણામો બદલવા માટે તેને કોઈ રસ્તો જડતો હોતો નથી. સંસારમાં પોતાને મળતી નિષ્ફળતાઓનો ટોપલો ઈશ્વરના માથે કે નસીબના માથે ઓઢાડીને તે સંતોષ માનતો હોય છે. સંસારની જવાબદારીઓ માંથી છટકી જવાનો આ સરળ ઉપાય છે. આવો ધર્માભાસ્ત માણસ સમાજ માટે નિર્બળ અને બોજારૂપ બની જતો હોય છે. તેની જીવન-દૃષ્ટી ખંડનાત્મક હોવાથી તે પોતાના જીવનમાં ભય અને અશાન્તીનો અનુભવ કરતો હોય છે. ધર્મના નામે ભ્રામક ખ્યાલોથી દોરવાઈ જઈને તે સ્વર્ગના ભૌતિક સુખના જ સ્વપ્નોમાં રાચતો રહે છે. ધર્મના નામે ધંધો કરનારા સ્વાર્થી શાસ્ત્રકારોએ સ્વર્ગના સુખોની એવી રંગોળી ચીતરી છે કે ધર્મભાસ્ત માણસો પોતાના જીવનની સઘળી પ્રવૃત્તી એવા ભ્રામક સુખને પ્રાપ્ત કરવામાં જ કરતાં હોય છે. મહાભારતના કવિ વેદ વ્યાસે ઉદ્યોગ પર્વમાં ધર્મરાજાના મુખે ઉચ્ચારણ કરાવ્યું છે કે સંસારમાં ક્યાંક તો અધર્મ જ ધર્મનું રૂપ ધારણ કરી લે છે. ક્યાંક પૂર્ણ રીતે ધર્મ, અધર્મ જેવો દેખાય છે. તો વળી કોઈક ઠેકાણે ધર્મ પોતાના વાસ્તવિક સ્વરૂપને ધારણ કરીને ટકી રહે છે. વિદ્વાન માણસો પોતાની બુદ્ધીપૂર્વક વિચાર કરી તેના અસલ સ્વરૂપને ઓળખી લે છે. મનુષ્ય માટે જીવનમાં સત્ય અને અસત્ય, ધર્મ અને અધર્મ, વિદ્યા અને અવિદ્યાનો વિવેક કેળવવો આવશ્યક છે. સત્ય અને અસત્ય નામની બે બહેનો પોતાના વસ્ત્રો નદીના કિનારે ઉતારીને સ્નાન કરવા માટે નદીમાં પડી અસત્ય નામની બહેને વહેલું સ્નાન કરી લીધું નદીના કિનારે આવીને તેણે સત્યના વસ્ત્રો પહેરી લીધા અને જતી રહિ. બીજી બાજુ સત્ય સ્ત્રી સ્નાન કરીને નદીના કિનારે આવી તો પોતાના વસ્ત્રો મળ્યા નહિ, તે મુંઝવણમાં મુકાઈ ગઈ. અસત્ય સ્ત્રીના

વસ્ત્રો ધારણ કર્યા વિના તેની પાસે બીજો કોઈ વિકલ્પ ન હતો! આ પ્રસંગ પછી સંસારમાં માણસો સત્યા-સત્ય વચ્ચે વિવેક કરી શકતા નથી અને આભાસમાં જ જીવે છે. ધર્મભાસના કારણે આપણે એ ભૌતિક જીવનમાં જ રાચતા હોવાથી મૃત્યુ શું છે એ સમજી શકતા નથી. અજ્ઞાનના અંધકારમાં જ રચ્યા-પચ્યા હોવાથી જ્ઞાનના



## પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (ખેરાલુ ) ૪૪૮

- **કથા પ્રારંભ :** કારતક વદ-તેરસ, ગુરુવાર તા. ૧૬-૧૧-૨૦૧૭.
- **કૃષ્ણ જન્મોત્સવ :** માગશર સુદ-બીજ ને સોમવાર તા. ૨૦-૧૧-૨૦૧૭.
- **કથા પૂર્ણાહૂતિ :** માગશર સુદ- ચોથ ને બુધવાર તા. ૨૨-૧૧-૨૦૧૭
- **કથા સમય :** રાત્રે ૮.૦૦ થી ૧૨.૦૦ કલાક.
- **કથા સ્થળ :** તુલસી પ્રેરણા સોસાયટી, સમસ્ત પરિવાર મુ. ખેરાલુ, જી. મહેસાણા, ઉત્તર ગુજરાત.
- **આયોજક :** દેસાઈ વાડો માન કુવા રોડ
- **સંપર્ક :** શ્રી ગુણવંતભાઈ જીતાભાઈ ચૌધરી - મો. ૯૪૨૭૪ ૮૨૪૮૪
  શ્રી કિરીટભાઈ મોગજીભાઈ - મો. ૯૬૨૪૮ ૭૦૪૫૦

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (છાબલીયા) ૪૪૯

- **કથા પ્રારંભ :** માગશર સુદ - અગિયારસ, ગુરુવાર તા. ૩૦-૧૧-૨૦૧૭.
- **કૃષ્ણ જન્મોત્સવ :** માગશર વદ-એકમ ને સોમવાર તા. ૦૪-૧૨-૨૦૧૭.
- **કથા પૂર્ણાહૂતિ :** માગશર વદ- ત્રીજ ને બુધવાર તા. ૬-૧૨-૨૦૧૭
- **કથા સમય :** બપોરે ૧.૦૦ થી ૫.૦૦ કલાક.
- **કથા સ્થળ :** ગામની નજીક ખેતરમાં, તા. વડનગર, જિ. મહેસાણા.
- **આયોજક :** શ્રી રામાજીભાઈ ઠાકોર તથા શ્રી અભેરાજીભાઈ ચૌધરી




## પૂ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજનો કાર્યક્રમ

- **તા. ૧૩-૧૧-૨૦૧૭ થી તા. ૭-૨૧૨-૨૦૧૭ સુધી યથા સંભવ સૌરાષ્ટ્રમાં વિચરણ કરશે.**

**-: દરેક સેવક ભાઈઓ બહેનોને ખાસ સુચના :-**

**ચાણોદ શ્રી માધવાનંદ આશ્રમમાં આવતાં પહેલાં આગલા દિવસે ઓફીસનો સંપર્ક ફરજિયાત કરવાનો રહેશે. ફોન. ૦૨૬૬૩-૨૩૩૩૬૨ મો. ૯૮૨૫૧૨૦૬૨૧**

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



તા. ૧-૧૧-૨૦૧૭ ચાણોદ પધારશે.
તા. ૨૩-૧૧-૨૦૧૭ ઓજરાળા પધારશે.

પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીના દર્શને જતા પહેલાં ફોન કરીને જવું. મો. ૯૮૭૯૮ ૨૫૭૫૭

## વિશેષ સમાચાર

પરમપૂજ્ય બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવ માગશર વદ સાતમને શનિવાર તા. ૯-૧૨-૨૦૧૭ના શુભ દિવસે પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં તેમજ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી શિવોહંસાગરજી મહારાજની સમાધિના સાનિધ્યમાં ઓજરાળા ગામે ધામધૂમથી ઉજવાશે.

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

## ભજન

અનામી છે છતાં નામી, શિવોહં સાગર સ્વામી
તેઓ શ્રી ના ચરણ કમળે, કરોડો વંદના મારી
અમારા બંધનો કાપ્યા, જીવનમાં સદ્‌ગુણો સ્થાપ્યા
તેઓ શ્રી ના ચરણ કમળે, કરોડો વંદના મારી
રૂડા સદ્‌બોધને આપી, ત્રિવિધિની શૃંખલા કાપી
તેઓ શ્રી ના ચરણ કમળે, કરોડો વંદના મારી
વિષયની વાસનાઓથી, જેણે અમને છોડાવ્યા છે
તેઓ શ્રી ના ચરણ કમળે, કરોડો વંદના મારી
વિશ્વમાં વ્યાપીને રહે છે, સકળને શાન્તિ જે દે છે
તેઓ શ્રી ના ચરણ કમળે, કરોડો વંદના મારી
જેના ગુણગાન કરવાથી, અમારા દુઃખ નાસ્યા છે
તેઓ શ્રી ના ચરણ કમળે, કરોડો વંદના મારી
સકળ ભક્તો તણા સંકટ, જેની કૃપાથી ભાગ્યા છે
તેઓ શ્રી ના ચરણ કમળે, કરોડો વંદના મારી
જેઓ શ્રી ના સમાગમથી, અખંડઆનંદ ને પામ્યો,
તેઓ શ્રી ના ચરણ કમળે, કરોડો વંદના મારી















તા. ૧૩-૧૦-૨૦૧૭ ના શુભ દિવસે આંતરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ સુઘડ અમદાવાદ મુકામે પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીએ પ.પૂ.સ્વામીશ્રી સુરેશ્વરાનંદજી મહારાજશ્રીને આપેલ સન્યાસ દીક્ષા

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2019
POSTRAL REGI. NO. SRT-771/2017-19
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**



તા. ૨૩-૧૦-૧૭ થી તા. ૨૯-૧૦-૧૭ સુધી અમદાવાદ મુકામે પ.પૂ. મહામંડલેશ્વર શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીના મુખેથી ભાગવત સપ્તાહ જ્ઞાનગંગાનું રસપાન કરતા ભક્તો

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**
: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-